આજનો સુવિચાર

જીવનની બે જ વાસ્તવિક સંપત્તિ છે સમય અને શ્વાસ

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૯૫ જૂનાગઢ તા.૦૧-૧૨-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 295, Junagadh : Date : 01 December, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# ચૂંટણી પૂર્ણ થતાં જ કોમર્શીયલ સિલિન્ડરનાં ભાવમાં રૂા.૨૧નો વધારો ઝીંકાયો



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૧ દેશમાં પાંચ રાજયોની વિધાનસભાની ચુંટણીમાં મતદાન પુર્ણ થતા જ ફરી એક વખત ભાવવધારાની મોસમ શરૂ થઈ ગઈ છે. આજે કોમર્શિયલ ગેસ સિલીન્ડર (૧૯ કિલો)ના ભાવ ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ પ્રતિ સિલીન્ડરમાં રૂા. ૨૧ના ભાવ વધાર્યા છે. જો કે ઘરેલું વપરાશના ૧૪.૨ કિલોના ગેસ સીલીન્ડરના ભાવ યથાવત જ રહ્યો છે પણ હોટલ-રેસ્ટોરા સહિતના વ્યાપારી વપરાશના ગેસ સીલીન્ડર હવે દિલ્હીમાં રૂા.૧૭૯૬.૫૦માં મળશે. જયારે ચેન્નઈમાં તે સૌથી મોંઘા રૂા.૧૯૬૮.૫૦ પ્રતિ સીલીન્ડરના ભાવે મળશે. ગત મહિને જ તહેવારો સમયે આ ગેસ સીલીન્ડરના ભાવમાં રૂા.૧૦૦નો વધારો કરવામાં આવ્યો હતો અને તેના કારણે તહેવારોમાં લોકોને રેસ્ટોરા, કંદોઈ તથા અન્ય ભોજન સ્થળમાં વધુ નાણા ચુકવવા પડે તેવી સ્થિતિ બની હતી. સરકારે લાંબા સમયથી ઘરેલુ ગેસ સીલીન્ડરના ભાવ યથાવત રાખ્યા છે અને તેના પરની સબસીડી પણ 'નીલ' કરી છે. ફકત ઉજ્જવલાના વપરાશકારોને પ્રતિ સિલીન્ડર રૂા.૩૦૦ની સબસીડી મળે છે.

## શેરબજારમાં તેજીનું ઘોડાપુર સેન્સેક્સ - નીફટી ઓલટાઈમ હાઈ

મુંબઈ તા. ૧

દેશમાં પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે. એવામાં આજે શેરબજારે ઐતિહાસિક ઊંચાઈને સ્પર્શી છે અને સેન્સેક્સે ૬૭હજારનું લેવલ પાર કરી લીધું છે. સેન્સેક્સે ૬૭૨૯૬.૯૬ના લેવલ સુધીનો ઊછાળો દેખાડી ભારતીય શેરબજારની મજબૂતી બતાવી છે. BSEનો સેન્સેક્સ ૩૦૮.૫૨ પોઈન્ટના વધારા સાથે ૬૭,૨૯૬.૯૬ના સ્તર પર ટ્રેડ કરી રહ્યા છે. આ સિવાય NSE પર નિફ્ટી૯૬.૧ પોઈન્ટના વધારા સાથે ૨૦,૨૨૯.૨૫ પર ઓલટાઈમ હાઈ ટ્રેડ કરી રહી છે. સેન્સેક્સ કંપનીઓમાં લાર્સન એન્ડ ટુબ્રો, એનટીપીસી, એશિયન પેઈન્ટ્સ, મારુતિ, સન ફાર્મા, આઈટીસી, ઈન્ડસઈન્ડ બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના શેર ગ્રીન ઝોનમાં જોવા મળી રહ્યા છે. આ સિવાય વિપ્રો, એચસીએલ ટેક, ઈન્ફોસીસ, ટેક મહિન્દ્રા, ટાઈટન અને મહિન્દ્રાના શેર પણ નફામાં ટ્રેડ કરી રહ્યા છે. ભારતીય શેરબજારે એક નવો માઈલસ્ટોન સિદ્ધ કર્યો છે. બુધવારે BSEનું માર્કેટ કેપિટલાઈઝેશન તેની ઓલટાઈમ હાઈ સપાટી પર પહોંચ્યું હતું. આ સપાટી ઝડપથી વધતી જોવા મળી અને ૪.૧ ટ્રિલિયન ડોલર એટલે કે ૩૩૦ લાખ કરોડ થઈ હતી. જો આ આંકડા પર નજર કરીએ તો તે ભારતના GDP કરતા પણ વધુ છે. આ સપાટીને પાર કરતા જ ભારતીય શેરબજાર દુનિયામાં પાંચમાં નંબરનું શેરબજાર બની ગયું છે.

### ગુજરાતમાં નશાયુકત કફ સિરપનો કાળો કારોબાર :

## ખેડા જીલ્લાનાં ભિલોદ્રા ગામમાં કફ સિરપ પીવાથી પાંચના મોતને પગલે હાહાકાર

## પોલીસ દ્વારા અમદાવાદ, અમરેલી, દ્વારકા, કચ્છ, ખેડા જીલ્લામાં વ્યાપક દરોડા


અમદાવાદ,તા.૧

ગુજરાતમાં કેટલાંક વખતથી કફ સીરપનાં નામે વેચાતા નશાકારક પ્રવાહી પર ઘોંસ વચ્ચે પણ બેરોકટોક નશાયુકત સિરપનું વેચાણ ચાલી જ રહ્યાનો પુરાવો ખેડામાં પાંચ લોકો ભોગ બન્યા છે. આ ઘટનાને પગલે અમરેલી, કચ્છ, દેવભુમી દ્વારકા, સહિતના જીલ્લાઓમાં દરોડા પાડવામાં આવ્યા છે. ખેડા જીલ્લામાં કફ સિરપ પીધા બાદ પાંચ લોકોના મોત નીપજયા હતા. આ સીરપમાં મિથાઈલ આલ્કોહોલ ભેળવેલુ હોવાનો ભાંડો ફૂટયો છે કફ સીરપના નામે નશાકારક પ્રવાહી જ વેચાતુ હોવાનું બહાર આવ્યું છે. નશાબંધી ધરાવતા ગુજરાતમાં નશાનાં વ્યસનીઓ માટે દાદરા નગર હવેલી, દમણ અને પંજાબમાંથી કફ સિરપનાં નામે આવા નશીલા પદાર્થોનાં પ્રવાહી ઘુસાડાતા રહેવાનું બહાર આવ્યું છે.

ખેડામાં નશીલા પ્રવાહી પીવાથી પાંચ યુવાનોના મોત બાદ પોલીસ તપાસમાં એમ ખુલ્યુ હતું કે ભીલોદ્રા ગામની દુકાનમાંથી રૂા.૧૩૦ ના ભાવે ''મેઘાસન' સિરપની બોટલો ખરીદવામાં આવી હતી. આ દુકાનના માલીક કિશોર સોઢાના પિતાએ પણ આ સિરપ પીધી હતી અને તેમનાં બ્લડ સેમ્પલમાં મિથાઈલ આલ્કોહોલ મળી આવ્યું હતું. સિરપમાં આ નશીલા પદાર્થની હાજરી હોવાનું ખુલ્યુ છે. દુકાન માલીકનાં પિતાની તબીયત પણ એકાએક લથડી હતી અને અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં ડાયાલીસીસ પર રાખવામાં આવ્યા હતા. આ બનાવમાં પોલીસે યોગેશ સીંધી સહીત ત્રણની ધરપકડ કરી હતી. યોગેશે આયુર્વેદીક સિરપનાં ઉત્પાદન માટે લાયસન્સ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો.પરંતુ મળ્યુ ન હતું.

આ નશીલા સિરપનાં નેટવર્ક પર પોલીસે ઘોંસ બોલાવી હોય તેમ દેવભુમિ દ્વારકા પોલીસે દમણ અને દાદરાનગર હવેલીના સેલવાસમાં નશીલા સિરપ બનાવતી ફેકટરી પર દરોડો પાડયો હતો. ઈસોપ્રોપીલ આલ્કોહોલ મીશ્રીત આયુર્વેદીક સિરપ બનાવીને ગુજરાતમાં ઘુસાડવાનાં નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો આ નેટવર્કનો સુત્રધાર અમદાવાદનો સુનિલ કકકડ હોવાનું ખુલ્યુ છે. ૭૦૦ કરોડનાં નાણાંકીય ગોટાળામાં સીબીઆઈ તથા ઈડીએ તેની ધરપકડ પણ કરી હતી. ૨૦૨૧ માં જામીન મુકત થયા બાદ આ પ્રકારની સિરપ વેચવા તેણે રાજયભરમાં ડીસ્ટ્રીબ્યુટરોનુ નેટવર્ક ઉભુ કર્યું હતું. ખેડાના બનાવ વચ્ચે કચ્છમાં પણ પોલીસે અનેક દુકાનોમાં ચેકીંગ કર્યું હતું અને આલ્કોહોલની મોટી માત્રા ધરાવતી રૂા.૨.૪ લાખની કિંમતની ૨૦૩૨ બોટલો કબ્જે કરી હતી. છેલ્લા મહિનાઓમાં રાજકોટ તથા દેવભૂમિ દ્વારકા પોલીસ દ્વારા અમદાવાદનાં ચાંગોદર તથા પંજાબમાંથી પણ નશીલા સિરપની ફેકટરી પકડીને નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ચાંગોદરથી પકડાયેલા સિરપમાં આલ્કોહોલની માત્ર ૧૪ થી ૮૬ ટકા માલુમ પડી હતી. વાસ્તવમાં ૧૨ ટકા સુધીની માત્રાની જ છુટ્ટ છે. ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ ઓથોરીટી દ્વારા અગાઉ જ અનઅધિકૃત સ્થળોએ વેચાતા આયુર્વેદીક સિરપ સામે તપાસ કરવા સુચવાયુ હતું

## તામિલનાડુમાં વરસાદ : જનજીવન ખોરવાયું



ચેન્નઈ તા. ૧

તામિલનાડુની રાજધાની ચેન્નાઈમાં પડેલા ભારે વરસાદને પગલે શહેરના નીચાણવાળી વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હોવાથી જનજીવન ખોરવાઈ ગયું છે. સતત વરસાદને પગલે શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી. હવામાન વિભાગે હજુ પણ ચેન્નઈ, વેલ્લોર, પુડુકોટ્ટાઈ સહિત ૨૫ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. તામિલનાડુની રાજધાની ચેન્નઈમાં મુશળધાર વરસાદ વરસતા શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ભારે વરસાદની અસર વાહનવ્યવહાર પર પણ જોવા મળી હતી. અનેક જગ્યાએ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. આ ઉપરાંત ભારે વરસાદને પગલે તંત્ર દ્વારા શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી તેમજ હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ સુધી આપવામાં આવેલી વરસાદની આગાહીને પગલે શાળા-કોલેજ બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## સીમકાર્ડને લગતા નવા નિયમો આજથી અમલી કેવાયસી કરાવવું પડશે

મુંબઈ,તા.૧૦: કેન્દ્ર સરકારના ટેલિકમ્યુનિકેશન વિભાગ દ્વારા મોબાઈલ ફોનના સિમ કાર્ડને લગતા નવા નિયમો ગત ઓગસ્ટ મહિનામાં ઘડ્યા હતા. જે આજે ૧ ડિસેમ્બરથી અમલમાં મૂકવામાં આવ્યા છે. આ નિયમો અનેક ફેરફારો લાવશે, જેમ કે, સિમ કાર્ડના જથ્થાબંધ વેચાણ પર પ્રતિબંધ, PoS ફ્રેન્ચાઈઝીઓ માટે રજિસ્ટ્રેશન ફરજિયાત રહેશે અને સિમ કાર્ડ ડિલરોનું પોલીસ વેરિફીકેશન ફરજિયાત રહેશે. બીજા પણ કેટલાક ફેરફારો છે. આ બધાય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ઓનલાઈન નાણાકીય છેતરપિંડીના દૂષણને નાબૂદ કરવાનો અને ચકાસણીની કામગીરીને વધારે કડક બનાવવાનો છે. પોઈન્ટ-ઓફ-સેલ એજન્ટોએ ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર કંપની સાથે એક કરાર કરવો પડશે કે તેઓ કોઈ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ નહીં કરે. જો એજન્ટો ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા પકડાશે તો એમને રૂ. ૧૦ લાખની રકમનો દંડ થઈ શકે છે

## એકઝીટ પોલનાં તારણો : ભાજપ - કોંગ્રેસ બંને માટે સમાન તક



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧

એક્ઝિટ પોલનાં તારણોમાં ચાર મોટા રાજયોની ચૂંટણીમાં કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે ૨-૨ની મેચની ભવિષ્યવાણી કરવામાં આવી છે, જેમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ભાજપને લીડ મળતી જોવા મળી રહી છે, જયારે કોંગ્રેસ તેલંગાણા અને છત્તીસગઢમાં લીડ મેળવી રહી છે. જો પરિણામના દિવસે એક્ઝિટ પોલના પરિણામો સાચા સાબિત થશે તો બંને પક્ષો આવી ભવિષ્યવાણીથી ખુશ થશે. ભાજપ રાજસ્થાન પર કબજો કરવા અને મધ્યપ્રદેશને જાળવી રાખવા માટે ઉત્સુક છે, જયારે કોંગ્રેસ દક્ષિણના રાજય તેલંગાણામાં સત્તા મેળવવા અને છત્તીસગઢમાં સત્તા જાળવી રાખવા આતુર છે.

છેલ્લા વર્ષોમાં ખૂબ જ સચોટ સાબિત થયેલા એકઝીટ પોલે આગાહી કરી છે કે આ વખતે મધ્યપ્રદેશમાં ભાજપને ૧૪૦-૧૬૨ બેઠકો મળશે, જે ભાજપ માટે રેકોર્ડ બની શકે છે. અન્ય તમામ એક્ઝિટ પોલ્સે મધ્યપ્રદેશમાં ભાજપની નજીવી જીતની આગાહી કરી છે. એ જ રીતે, મોટાભાગના એક્ઝિટ પોલમાં રાજસ્થાનમાં ભાજપ માટે સરળ જીતની આગાહી કરવામાં આવી છે, ત્યારે એક્સિસે રાજસ્થાનમાં કોંગ્રેસ માટે નજીવી જીતની આગાહી કરી છે. લગભગ તમામ એક્ઝિટ પોલમાં છત્તીસગઢમાં કોંગ્રેસની જીત થવાની આગાહી કરવામાં આવી છે.

તેલંગાણાએ પરિણામોના દિવસે સૌથી રસપ્રદ વાર્તા રજૂ કરી કારણ કે લગભગ તમામ એક્ઝિટ પોલ્સે આગાહી કરી છે કે કોંગ્રેસ સાંકડી જીત હાંસલ કરી શકે છે અથવા તે ત્રિશંકુ વિધાનસભા હશે, જેમાં ભાજપ અને ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન કેટલીક મહત્વની જીત મેળવી શકે છે. બેઠકો. જીતી રહ્યા છે. અને કદાચ કિંગ મેકરની ભૂમિકામાં હશે. કર્ણાટક જેવા દક્ષિણના રાજયોથી વિપરીત જયાં ભાજપ થોડા મહિના પહેલા હારી ગયો હતો, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં ભાજપની જીત એ વાતને મજબૂત કરશે કે હિન્દી હાર્ટલેન્ડમાં રાજયની ચૂંટણીઓમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી એક મોટું પરિબળ રહેશે.

### સમાચાર રાઉન્ડ અપ

- સીંગાપોર અને જયુરિચ વિશ્વનાં સૌથી મોંઘા શહેરો : દમાસ્કસ સૌથી સસ્તુ
- દુબઈમાં વડાપ્રધાન મોદીનું ભવ્ય સ્વાગત : મોદી-મોદીના નારા....
- લોકોને મફતમાં કંઈપણ આપવું જોઈએ નહી : નારાયણ મૂર્તિ
- આજે વિશ્વ એઈડઝ દિવસ : એઈડ્ઝ નાબદી માટે જન જાગૃતિ જરૂરી

## ભારતનાં ત્રણ રાજયોમાં ભૂસ્ખલનનું અત્યંત જોખમ : ડેન્જર ઝોનમાં મુકાયા

નવી દિલ્હી તા. ૧

જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના સર્વે મુજબ કુલ ૫૩૪૮૩ ચોરસ કિલોમીટર વિસ્તાર ધરાવતા આ રાજયોમાંથી ૩૯૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તાર ભૂસ્ખલન માટે સંવેદનશીલ વિસ્તાર તરીકે આકવામાં આવ્યો છે. ડેટા અનુસાર વર્ષ ૨૦૨૧-૨૨ સુધી આ વિસ્તારમાં ૧૪૭૮૦ સ્થળોએ ભૂસ્ખલન થયું છે જેમાં અરુણાચલ પ્રદેશ પ્રથમ અને હિમાચલ બીજા સ્થાને છે જયારે ઉત્તરાખંડ દેશમાં ત્રીજા સ્થાને છે. GSIના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ડો.હરીશ બહુગુણાએ છઠ્ઠી વર્લ્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ કોન્ફરન્સમાં ભૂસ્ખલનની પરિસ્થિતિ અંગે આપેલા પ્રેઝન્ટેશનમાં ઉપરોક્ત બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે GSIએ ભૂસ્ખલનની ઉચ્ચ, મધ્યમ અને નીચી સંવેદનશીલતા અનુસાર તાલુકા કક્ષાના વિસ્તારોનું વર્ગીકરણ કર્યું છે.



મહાયોગી
વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND
ઠાકર થાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લક્ઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી ચુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આયુર્વેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૯૨
જૂનાગઢ

દાણાપીઠમાં મકાન વેચવાનું છે
જૂનાગઢમાં દાણાપીઠ વિસ્તારમાં વાદી ખડકીમાં, ત્રણ માળનું,૭ રૂમવાળુ મકાન તેમજ હોલસેલનાં વેપારીઓને ગોડાઉન માટે લાયક, સારી કન્ડીશનમાં વહેલા તે પહેલાનાં ધોરણે વ્યાજબી ભાવમાં મકાન વેચવાનું છે.
: સંપર્ક :
૯૩૭૬૬ ૦૫૫૯૨ / ૭૯૮૪૮ ૦૫૭૯૧

સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ
CNG - LPG
રી-ટેસ્ટીંગ
CNG ફીટીંગ સેન્ટર
યશ ઓટો ગેસ
મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪
ઝાંઝરડા બાયપાસ ચોકડી,
LPG પંપની પાછળ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

નવા વર્ષની હાર્દિક શુભેચ્છા......
લગ્ન પ્રસંગની ખરીદી માટેની વિશાળ રેન્જ...
* ફેન્સી મેરેજ સેટ * બ્લેન્કેટ સેટ
* બેડસીટ * સોફા કવર
* ડોરમેટ * સોફા પડદા કાપડ
* કમ્ફેટર સેટ * બેડ રનર
* ટુવાલ સેટ * નિકાહ સેટ
ગેલેક્સી હેન્ડલુમ
મ્યુનીસીપલ કોર્પો. પાછળના ગેઈટની સામે, શેરી નં. ૧, તળાવ દરવાજા, જૂનાગઢ.
૦૨૮૫ - ૨૬૨૩૧૨૩

# જૂનાગઢ સંગ્રહાલયના ૧૨૨ માં સ્થાપના દિવસની અનોખી ઉજવણી કરાશે




જૂનાગઢ, તા.૧

જૂનાગઢ સંગ્રહાલયની ૧૨૨ મી વર્ષગાંઠ નિમિત્તો નિયામક અને સંગ્રહાલય વિભાગ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, જૂનાગઢ મ્યુઝિયમ જૂનાગઢ દ્વારા વિશેષ ઉજવણી કરવામાં આવશે. આપણો ભૂતકાળ, વર્તમાન કાળ તથા ભાવિ' એ સંદર્ભે વિવિધ રીતે આ ઉજવણી કરાશે. ૫મી ડીસેમ્બરથી શરૂ થનારા કાર્યક્રમો અંતર્ગત તા. ૫ તથા ૬ના માટી પાત્રો ઉપર ચિત્રકામની સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ ચિત્ર સંગ્રહાલયના નમૂના આધારિત રહેશે.

તા. ૭મીના જૂનાગઢ સંગ્રહાલય સંદર્ભે કવિતાની રચના તથા તેની રજૂઆતની સ્પર્ધા રખાઈ છે. તા.૧૦મીના જૂનાગઢ સંગ્રહાલયનાં ઈતિહાસ સંદર્ભે એક વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે.એજ રીતે જૂનાગઢ તથા ગિર સોમનાથના સાંસ્કૃતિક તથા પ્રાકૃતિક વારસાને ધ્યાનમાં રાખીને એક ફોટોગ્રાફી સ્પર્ધાનું પણ આયોજન કરાયું છે. તમામ આયોજન જૂનાગઢ સંગ્રહાલય, તાજ મંઝિલ ઓપેરા હાઉસ ખાતે દરરોજ બપોરે ૨ થી ૫ દરમ્યાન કરવામાં આવ્યું છે. આ અવસરે જૂનાગઢ સંગ્રહાલય ઉપર તૈયાર કરાયેલ દસ્તાવેજી ફિલ્મનું નિદર્શન પણ દરરોજ બતાવવામાં આવશે. તમામ સ્પર્ધકો એ ૮૩૨૦૦ ૮૨૭૪૨ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વધુ માહિતી પણ માટે પણ એ જ નંબર ઉપર સંપર્ક કરવાનો રહેશે. તમામ સ્પર્ધાનાં દરેક વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવશે. જેનો લાભ મેળવવા સંગ્રહાલયના ક્યૂરેટર ડો.શેફાલિકા અવસ્થીએ અનુરોધ કર્યો છે.

# જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લાની ૨૫ મહિલાઓ આરોગ્ય અને પશુધન ઉત્પાદનના વિસ્તાર માટે માન્યતા પ્રાપ્ત એજન્ટ (એ-હેલ્પ)ની તાલીમ લેશે

## એસબીઆઈ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા ખાતેનો પ્રારંભ



જૂનાગઢ, તા.૧

જૂનાગઢ માં પશુપાલન વિભાગ, જીએલપીસીના ઉપક્રમે નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ ના અમલીકરણ હેઠળ એસબીઆઈ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા ખાતે આરોગ્ય અને પશુધન ઉત્પાદનના વિસ્તાર માટે માન્યતા પ્રાપ્ત એજન્ટ (એ-હેલ્પ)ની તાલીમનો પ્રારંભ થયો છે. મહિલાઓને સ્વરોજગર મળે તેવા હેતુથી જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની ૨૫ મહિલાઓને પશુ સખી યોજનામાં પસંદગી કરાઈ છે. જેઓ પશુઓને રસીકરણ, પોષણ અને સારવાર સંસ્થાઓ વચ્ચે કડીરૂપ બનશે. આ મહિલાઓને ૧૫ દિવસ સઘન તાલીમ અપાશે. બાદ માં તેઓ પશુપાલકો ને દૂધ ઉત્પાદન સાથે આવક વધારવા માં કડીરૂપ ભૂમિકા બજાવશે. જૂનાગઢમાં પશુપાલન વિભાગ, જીએલપીસીના ઉપક્રમે નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ ના અમલીકરણ હેઠળ એસબીઆઈ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા ખાતે આરોગ્ય અને પશુધન ઉત્પાદનના વિસ્તાર માટે માન્યતા પ્રાપ્ત એજન્ટ (એ-હેલ્પ)ની તાલીમનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે આરસેટિ નિયામક પ્રશાંત ગોહેલ, મદદનીશ પશુપાલન નિયામક ડો.વિરલ આહીર, ડો.સી જી રાંક, ડૉ એ પી ગજેરા, ડીએલએમ કિરણ વ્યાસ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની ૨૫ મહિલાઓને રસીકરણ, પશુઓને ટેગિંગ કરતાં , પ્રાથમિક પશુ સારવાર જ્ઞાન કૃત્રિમ બીજદાન, પશુ પોષણ , પશુ આરોગ્ય વિષે માહિતગાર કરી છેવાડાના પશુપાલકોની આવક માં વધારો કરવાના હેતુંથી તાલીમ અપાઈ રહી છે.

તા. ૧૫ ડીસેમ્બર સુધી મહિલાઓ તાલીમ મેળવી સ્વરોજગાર મેળવતી થશે અને સોપેલા વિસ્તારમાં પશુપાલન થકી આવકમાં વધારો થાય તેવા પ્રયાસો કરશે.

# રાજ્ય માહિતી કમિશ્નર કે. એમ. અધ્વર્યુ અને વી. પી. પંડ્યાનો કાર્યકાળ પૂર્ણ થતા ગાંધીનગર ખાતે વિદાય સમારોહ યોજાયો





ગાંધીનગર તા.૧

રાજ્ય માહિતી કમિશ્નર કે. એમ. અધ્વર્યુ તેમજ વી. પી. પંડ્યાનો કાર્યકાળ પૂર્ણ થતા ગાંધીનગર સર્કીટ હાઉસ ખાતે વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહના પ્રારંભે માહિતી આયોગના સચિવ જયદિપ દ્વિવેદીએ સૌને આવકાર્યા હતા. ત્યારબાદ માહિતી આયોગ દ્વારા રાજ્ય માહિતી કમિશનરઓને ગરિમાપૂર્ણ વિદાયમાન આપવામાં આવ્યું હતું. આ સમારોહમાં મુખ્ય માહિતી કમિશ્નર અમૃત પટેલ, રાજ્ય માહિતી કમિશનર આર. જે. કારીઆ, પૂર્વ મુખ્ય માહિતી કમિશનર દિલીપ ઠાકર, વી. એસ. ગઢવી તથા પૂર્વ રાજ્ય માહિતી કમિશ્નર આર. આર. વરસાણી, સામાન્ય વહીવટ વિભાગના અધિક સચિવ જે. પી. ત્રિવેદી તથા માહિતી આયોગના અધિકારીઓ -કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વિવિધ મહાનુભવો દ્વારા રાજ્ય માહિતી કમિશ્નર કે. એમ. અધ્વર્યુ તેમજ વી. પી. પંડ્યાની સુદીર્ઘ સેવાઓ દરમ્યાન હકારાત્મક અને સંવેદનશીલ અભિગમ તેમજ અજોડ વહીવટી કુનેહને બિરદાવવામાં આવી હતી. આ સાથે જ તેમની ફરજ પ્રત્યેની નિષ્ઠા તથા સમર્પણ ભાવનાની પણ ઉપસ્થિત મહાનુભવો દ્વારા નોંધ લેવામાં આવી હતી.

પોતાનો કાર્યકાળ પૂર્ણ થતા બન્ને રાજ્ય માહિતી કમિશ્નરો દ્વારા પણ તેમની સરકારી સેવા દરમિયાનના સંસ્મરણો અને અનુભવો વાગોળ્યા હતા. સાથે જ તેમણે સન્માન માટે સૌનો આભાર પણ માન્યો હતો. સમારંભના અંતે માહિતી આયોગના હિસાબી અધિકારી બી. ટી. જાની દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# રિલાયન્સ રિટેલ અમદાવાદમાં લોંચ કરે છે પોતાની પ્રિમિયમ ફેશન અને લાઈફસ્ટાઈલ બ્રાન્ડ, અઝોર્ટનો ૧૦મો સ્ટોર

## વિનસ ગ્રાઉન્ડ સ્થિત અઝોર્ટ સ્ટોર અત્યાધુનિક આંતરરાષ્ટ્રીય ફેશન અને ટેક્નોલોજીથી સુસજ્જ સીમલેસ ગ્રાહક અનુભવ પૂરો પાડશે



અમદાવાદ, તા.૧

ભારતના સૌથી મોટા રિટેલર, રિલાયન્સ રિટેલે પોતાની પ્રિમિયમ ફેશન એન્ડ લાઈફસ્ટાઈલ બ્રાન્ડ, અઝોર્ટના દસમા સ્ટોરના શુભારંભની ઘોષણા કરી છે. અમદાવાદના નહેરૂનગર ખાતે વિનસ ગ્રાઉન્ડ્સ સ્થિત સ્ટ્રેટમ બિલ્ડીંગ સ્થિતઆ સ્ટોરનું ઉદ્ઘાટન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર- કોર્પોરેટ અફેર્સ, શ્રી પરિમલ નથવાણી અને અઝોર્ટના વાઈસ પ્રેસિડેન્ટ અને બિઝનેસ હેડ રાકેશ જલીપલ્લી દ્વારા કરવામાં આવ્યું હતું.

આશરે ૨૧,૦૦૦ ચોરસ ફીટના રિટેલ સ્પેસમાં ફેલાયેલા આ સ્ટોરમાં તમામ વર્ગના ઉપભોક્તાઓને આંતરરાષ્ટ્રીય અને સમકાલીન ભારતીય ફેશન ટ્રેન્ડ્સને ફોલો કરવાની તક મળશે. આ સાથે શોપિંગની એક અલગ અનુભૂતિનો તેઓને અહેસાસ થશે. અદ્યતન રિટેલ ટેકનોલોજીયુક્ત આ સ્માર્ટ અઝોર્ટ સ્ટોર્સ ગ્લોબલ અને ડોમેસ્ટિક ફેશનના શ્રેષ્ઠતમ ટ્રેન્ડ્સને પ્રદર્શિત કરશે. તેમાં ફૂટવેર, ફેશન એસેસરીઝ તથા બીજી ઘણી રેન્જમાં અનોખી સ્ટાઈલ જોવા મળશે. શોપર્સને કેન્દ્ર સ્થાને રાખીને અઝોર્ટ સ્ટોરની ડિઝાઈન બનાવાઈ છે. અહીં શોપર્સ પોતાની મનપસંદ પ્રોડકટને શોધવાથી માંડીને ચેકઆઉટ સુધી સીમલેસ સફર કરી શકશે.અઝોર્ટ સ્ટોર ફોર્મેટમાં મોબાઈલ ચેકઆઉટ, સ્માર્ટ ટ્રાયલ રૂમ્સ, ફેશન ડિસ્કવરી સ્ટેશન્સ તથા સેલ્ફ ચેકઆઉટ કિઓસ્ક સહિતના સંખ્યાબંધ ટેક-એનેબલ્ડ ફીચર્સ જોવા મળશે. આ સ્ટોર્સમાં સંખ્યાબંધ RFID - એનેબલ્ડ ઈન્ટરએક્ટિવ સ્ક્રીન્સ સ્ક્રીન્સ ગોઠવાયા છે જેવર્ચ્યુઅલ સ્ટાયલિંગ આસિસ્ટન્ટ્સની ગરજ સારશે.અહીં સ્માર્ટ ફિટિંગ રૂમ્સની સુવિધા તો છે જ, સાથે શોપર્સમાત્ર એક બટન દબાવીને વધારાની સાઈઝ તથા અન્ય પ્રોડક્ટ્સ માટે વિનંતી કરી શકશે. આ ઉપરાંત, હવે કાઉન્ટર્સમાં લાંબી કતારમાં ઊભા રહેવાને બદલે કસ્ટમર્સ સેલ્ફ-ચેકઆઉટ્સની પણ પસંદગી કરી શકે છે.

# હૃદયરોગ બન્યો વધુ ઘાતક : ખંભાળિયાના બે પીઢ સેવાભાવી આગેવાનોના હાર્ટ એટેકથી મોત

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જ નહીં, પરંતુ સમગ્ર રાજ્યમાં હૃદય રોગના હુમલાના વધતા જતા બનાવોના કારણે લોકોમાં ભારે ચિંતાની લાગણી જોવા મળી રહી છે. ખંભાળિયા શહેરમાં રહેતા બે સેવાભાવી અગ્રણીઓના ગઈકાલે હૃદયરોગના જીવલેણ હુમલાના કારણે મૃત્યુ થયાના બનાવ સામે આવ્યા છે. ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા, લાયન્સ ક્લબના સક્રિય કાર્યકર તેમજ શારશ્વત બ્રહ્મ સમાજના અગ્રણી, રેલવે સલાહકાર સમિતિમાં વર્ષો સુધી સેવા આપેલ આપી ચૂકેલા તેમજ પોલીસ સલાહકાર સમિતિના સદસ્ય મહેન્દ્રભાઈ જોશી (ઉ.વ. ૮૧) ગઈકાલે રાત્રે બસમાં વડોદરા ખાતે તેમની પુત્રી પાસે જઈ રહ્યા હતા. તે દરમ્યાન તેમને હૃદયરોગનો હુમલો આવી જતા તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમણે અંતિમ શ્વાસ ખેંચ્યા હતા. આ ઉપરાંત અહીંના જાણીતા શ્રી ખામનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટી તેમજ વણિક અગ્રણી હેમેન્દ્રભાઈ (હેમતભાઈ) વાલજીભાઈ ધ્રુવ (ઉ.વ. ૬૯) ને પગમાં થાપાના હાડકાનું ઓપરેશન કરવા માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં તેમનું બ્લડપ્રેશર લો થઈ જતા તેમને પેરેલીસિસનો એટેક તથા હૃદયરોગનો હુમલો આવી ગયો હતો. જેથી જામનગર ખાતે તેમનું અવસાન થયું હતું. જિલ્લાના પીઢ સેવાભાવી કાર્યકરોના અકાળે થયેલા અવસાનથી સમગ્ર બ્રહ્મ સમાજ અને વણિક સમાજ સાથે સમગ્ર ખંભાળિયા પંથકમાં ભારે શોક સાથે આઘાતની લાગણી પ્રસરી જવા પામી છે.

# પશુ ખાણ દાણમાં અખાદ્ય પદાર્થો-કેમિકલની ભેળસેળ કરનારાઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરાશે : રાઘવજી પટેલ



(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૧

રાજયમાં પશુઓના ખાણદાણ ખાસ કરીને કપાસિયાના ખોળમાં વેપારીઓ, ઓઈલ મિલો તેમજ ઉત્પાદકો દ્વારા જુદા જુદા કેમિકલો, બેન્ટોનાઈટ માટી, લાકડાનો વેર, અખાદ્ય અનાજ જેવા પદાર્થોની ભેળસેળ કરવામાં આવે છે. પશુઓ અને માનવના હિતમાં આવી ઓઈલ મીલો અને વેપારીઓ સામે ફોજદારી પગલાં કાર્યવાહી સુધીના કડકમાં કડક પગલાં ભરવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે તેમ, ગાંધીનગર ખાતેથી પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.

મંત્રી શ્રી પટેલે કહ્યું હતું કે રાજયમાં આ ભેળસેળયુક્ત ખાણદાણ સસ્તા ભાવે વેચાણ કરતા હોવાથી સાચા ખાણદાણ ઉત્પાદક વેપારીઓને નુકસાન થાય છે. આવા ભેળસેળયુક્ત ખાણદાણના કારણે પશુઓમાં રોગચાળો, પશુ દૂધમાં આવા ઝેરી તત્વ ભળતા માનવીના સ્વાસ્થ્ય પર પણ ખરાબ અસર થાય છે. જેનાથી કેન્સર જેવા ભયાનક રોગ થાય છે તેવી ગુજરાત કોટન સીડ્સ ક્રશર્સ એસોસિએશન, ગ્રાહક સુરક્ષા અને કિસાન સંઘ દ્વારા સરકારને આજે રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રશ્નને ગંભીરતાથી લઈને રાજ્ય સરકારે પુરવઠા અને પોલીસ વિભાગ, વિવિધ એસોસીએશન સહિત તમામને સાથે લઈને ભેળસેળયુક્ત પશુદાણ બનાવતા ઉત્પાદકો સામે દરોડો પાડીને ફોજદારી સુધીની કડક કાર્યવાહી કરીને પશુઓ અને પશુપાલકોના હિતમાં આ ભેળસેળની પ્રક્રિયા સદંતર બંધ કરવાનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે તેમ મંત્રીશ્રી પટેલે ઉમેર્યુ હતું.

# ઉના શહેરમાં પ્રધાનમંત્રી વીમા યોજના હેઠળ ૨ લાખનો ચેક આપવામાં આવ્યો



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧

એલમપુર શહેરના રહેવાસી અને એસ.બી.આઈ ના વિમાધારક સ્વ. ધીરુભાઈ ચીનાભાઈ સોલંકી નું તા.૦૭/૧૦/૨૦૨૩ ના રોજ અવસાન થયેલું. સ્વ. ધીરુભાઈ એ ઉના SBI ટાવર ચોક બ્રાન્ચ માં ખાતું હતું અને તેમણે પ્રધાનમંત્રી નો (PMJJBY) યોજના નો વિમો ઉતારાવેલ હતો.

તાજેતરમાં જ તેમના વારસદાર લાભાર્થી ને ૨ (બે)લાખ રૂપિયાનો ચેક બેંકના બ્રાન્ચ મેનેજર બીજેન્દ્રકુમાર અને CSP હિતેષભાઈ મહેતા દ્વારા અર્પણ કરવામાં આવેલ હતો અને લોકો ને વીમા પ્રત્યે જાગૃત રહેવા અને જાણકારી મેળવી લેવા જાહેર હિત માટે જણાવામાં આવેલ હતું.

# પ્રાચી તીર્થ ખાતે સમસ્ત વાંઝા દરજી સમાજ સુત્રાપાડા પ્રાચી દ્વારા સમુહલગ્ન ઉત્સવ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧

પ્રાચી તીર્થ ખાતે સમસ્ત વાંઝા દરજી સમાજ સુત્રાપાડા પ્રાચી દ્વારા બીજો સમુહલગ્ન ઉત્સવ ટીંબડી ગામ ખાતે યોજાયો હતો. જેમાં ૧૫ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા અને લગ્ન સમારંભના ખોટા ખર્ચાઓને અને કુરિવાજોને તીલાંજલી આપવામાં આવી હતી. બીજા સમૂહ લગ્નોત્સવની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા પ્રમુખ જગદીશભાઈ એલ. વઢવાણા દ્વારા કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ હતો સાથે જ્ઞાતિ બંધુ ભાઈઓ બહેનો તથા બાળકો દ્વારા શ્રી હિંગળાજ માતાની સમૂહ આરતી કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ નિહારિકાબેન ગોહેલ રાજકોટ, રશ્મિકાંતભાઈ ડોડીયા બગસરા, રજનીકાંતભાઈ હાથલીયા મંત્રી જૂનાગઢ, એ.પી. જેઠવા ઉના, જગદીશભાઈ વાઢેર અમદાવાદ, પ્રવીણભાઈ હિંગુ પ્રમુખ ઉના, અમિતભાઈ નાંઢા પ્રમુખ જૂનાગઢ, મિલાપભાઈ ચાવડા પ્રમુખ રાજકોટ, ભીખાભાઈ વઢવાણા પ્રમુખ તાલાળા, ભુપતભાઈ જેઠવા ઉપપ્રમુખ તાલાળા, પ્રફુલભાઈ ઝાલા ગીર સોમનાથ જિલ્લા ઉપપ્રમુખ ઉના, અશોકભાઈ ભુંડીયા પ્રમુખ જૂનાગઢ, હસમુખભાઈ ચુડાસમા ઉપપ્રમુખ કોડીનાર, હરિભાઈ વઢવાણા માજી પ્રમુખ સુત્રાપાડા, જગજીવનભાઈ પઢિયાર માજી ઉપપ્રમુખ પ્રાચી, દીપકભાઈ વૈયાટા પ્રમુખ પ્રભાસ-પાટણ, મહેશભાઈ જેઠવા વેરાવળ, જેન્તીભાઈ રાઠોડ સુરત, જીવનભાઈ ગોહિલ સુરત, દિનેશભાઈ ચુડાસમા સુત્રાપાડા, કિરીટભાઈ ભરખડા પોરબંદર, વિનોદભાઈ જેઠવા બગસરા, અશ્વિનભાઈ વઢવાણા રાજકોટ, અલ્પેશભાઈ હિંગુ રાજકોટ, વિનોદભાઈ વઢવાણા પ્રમુખ સુત્રાપાડા, અસ્મિતાબેન વઢવાણા પ્રમુખ સુત્રાપાડા, નીતાબેન દ્વારકા, ગીતાબેન ચાવડા ચોરવાડ, રાજવીરસિંહભાઈ ઝાલા ગીર સોમનાથ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ, પ્રતાપભાઈ બારડ, ધર્મેન્દ્રભાઈ પરમાર તથા આ કાર્યક્રમનું સ્ટેજનું સુંદર સંચાલન દિનેશભાઈ ગોહિલ કોડીનાર, અલ્પેશભાઈ ગોહિલ કોડીનાર, રાહુલભાઈ જેઠવા રાજકોટ દ્વારા કરવામાં આવેલ. વિશાળ સંખ્યામાં જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહેલ. આ આયોજનને સફળ બનાવવા દાતાઓ દ્વારા ઉદાર હાથે દાન કરેલ તથા આ સમૂહ લગ્નમાં દીકરીઓને ૪૦ જેટલી વસ્તુઓ કરિયાવરમાં ભેટ આપવામાં આવી હતી અને સર્વ જ્ઞાતિબંધુએ સાથ અને સહકાર તેમજ સમય દાન આપી પ્રભુતામાં પગલા પાડતા ૧૫ નવ દંપતી ઓને મહાનુભાવો દ્વારા આશીર્વચન પાઠવેલ હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા સુત્રાપાડા પ્રાચી કમિટી, યુવા કમિટી સુત્રાપાડા, મહિલા યુવા કમિટી સુત્રાપાડા તેમજ સર્વ જ્ઞાતિ બંધુઓએ સાથ અને સહકાર આપવા બદલ પ્રમુખ જગદીશભાઈ એલ. વઢવાણા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.


# વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામની સીમમાં ઝેરી દવા પીતા યુવતીનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામની સીમમાં આવેલી વાડીમાં ઝેરી દવા પીતા યુવતીનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. આ બનાવ અંગે વિસાવદર પોલીસે આપેલી વિગત અનુસાર, કિરણબેન આકાશભાઈ બારેલા(ઉ.વ.૨૩) રહે.મુળ શ્યામપુર અને હાલ નાની મોણપરી ગામની સીમવાળાએ પોતાની નાની દિકરીને માર મારતા પોતાના પતિએ આ બાબતે ઠપકો આપી ખીજાતા તેને લાગી આવતા કિરણબેને પોતાની મેળે વાડીએ મકાને ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે વિસાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કેશોદ તાલુકાના ઈસરા (ઘેડ) ગામે ઘુસર પરિવાર દ્વારા પ્રથમ ચક્ષુદાન



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧

જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ઈસરા(ઘેડ) ગામમાં તા. ૩૦/૧૧/૨૦૨૩ ને ગુરુવાર, કારતક વદ ત્રીજના રોજ કડવીબેન લખમણભાઈ ઘુસર નું દુખદ અવસાન થયેલ છે, જેઓ જગદીશભાઈ લખમણભાઈ ઘુસર તથા જેઠાભાઈ ઘુસર ના માતૃશ્રી અને મહેન્દ્રભાઈ નંદાણિયા (મેનેજર શ્રી, માંગરોળ તાલુકા નોકરિયાત શરાફી સહકારી મંડળી લિ) ના મામી થતાં હતાં,અવસાન બાદ જગદીશ ભાઈ અને જેઠાભાઈ ની સહમતિ બાદ મહેન્દ્રભાઈ નંદાણિયા એ શિવમ ચક્ષુદાન ના નાથાભાઈ નંદાણિયા ને જાણ કરતા, રાજેશ ભાઈ સોલંકી દ્વારા મૃતક ના બન્ને ચક્ષુ લઈ ડૉ.થાનકી સાહેબની મુનિ સંત બાલાજી આઈ બેંક અને હોસ્પિટલ વેરાવળ,જિ.ગીર સોમનાથને વિજયભાઈ જોટવા દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં. ઘેડ વિસ્તારના ઈસરા ગામમાં ઘુસર પરિવાર દ્વારા પ્રથમ ચક્ષુદાનની જ્યોત પ્રગટાવી એક શ્રેષ્ઠ ઉદાહરણ આપ્યું છે. આ પરિવાર દ્વારા થયેલ આ ચક્ષુદાને આપણા પૂરાણોમાં થયેલા દાન ધર્મના મહિમાને ખરા અર્થમાં સાર્થક કર્યો છે. ઘુસર પરિવાર દ્વારા થયેલ આ મહાદાનને શિવમ્ ચક્ષુદાન ગૃપ-આરેણા,માંગરોળ જાયન્ટ્સ ગૃપ,વંદેમાતરમ્ ગૃપ-માંગરોળ,સ્વ.લક્ષ્મણભાઈ એ.નંદાણિયા વિવિધલક્ષી સેવાકીય ટ્રસ્ટ-માંગરોળ, સંજીવની નેચર ફાઉન્ડેશન-માંગરોળ, શ્રી ડુગરગુરૂ સ્થાનક વાસી જૈન યુવક મંડળ જુનાગઢ, ગીરનારી બ્લડ ગૃપ-જુનાગઢ, ભારત વિકાસ પરિષદ,માંગરોળ તાલુકાના પત્રકારમિત્રો તેમજ ઈન્ડિયન હ્યુમન રાઈટ્સ એસોસિયેશન-માંગરોળ દ્વારા બિરદાવવામાં આવે છે.

# જૂનાગઢ રેડક્રોસ શાખા દ્વારા વિશ્વ એઈઝડ દિનની ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

વિશ્વ અઈડઝ દિન સબબ સર્વે એચઆઈવી પોઝીટીવ એઈઝડગ્રસ્ત દર્દીઓને જૂનાગઢ રેડક્રોસ શાખા તરફથી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ દિવસે જૂનાગઢ રેડક્રોસના વરિષ્ઠ અધિકારી ડો. જગદિશ દવેના ઢાલરોડ સ્થિત દવાખાને તા.૧-૧૨-૨૩ શુક્રવારે સાંજે ૬ થી ૮ અંતર્ગત, એચઆઈવી પોઝીટીવ થેલેસેમીયાગ્રસ્ત બાળકોને વિનામુલ્યે સારવાર આપશે. તેમજ હાલના ચીની વાયરસ બાબતે બાળકોના વાલીઓને સવિસ્તાર માહિતી અપાશે. હાલના ઠંડા વાતાવરણમાં ચીની વાયરસ પ્રકોપ જારી કરી શકે છે તે બાબતે પણ વાકેફ કરાશે.

### માળીયા હાટીનાના કાત્રાસા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો સત્કાર થયો

# ભારતને ૨૦૪૭ સુધીમાં સમગ્ર વિશ્વમાં વિકસિત અને મજબૂત રાષ્ટ્ર બનાવવાની નેમ : સાંસદ રાજેશભાઈ ચુડાસમા








જૂનાગઢ, તા.૧

માળીયા હાટીનાના કાત્રાસા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો ગ્રામજનોએ દ્વારા સત્કાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં કેન્દ્ર-રાજય સરકારની જનકલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગ્રામજનોએ આરોગ્ય કેમ્પ, સેવા સેતુ અને પશુ આરોગ્ય કેમ્પની સેવાઓનો લાભ મેળવ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુલ માધ્યમથી વિવિધ જનકલ્યાણકારી યોંજનાઓના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો. સાથે જ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા દેશને ૨૦૪૭ સુધીમાં એક મજબૂત અને વિકસિત રાષ્ટ્રના નેમ સાથે નીકળી છે. આઝાદીના ૭૫ પૂર્ણ થયા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ૨૦૪૭ સુધીમાં દેશની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થશે. ત્યારે ભારત સમગ્ર વિશ્વમાં એક મજબૂત રાષ્ટ્ર અને મહાસત્તા બનીને ઉભરે તેવા વિઝન સાથે પ્રધાનમંત્રીશ્રી કામ કરી રહ્યા છે. આ વિકસિત રાષ્ટ્ર નિર્માણના આ કાર્ય દરેક નાગરિક સહભાગી બને તે પણ જરૂરી છે. આમ, દરેક લોકો પોતાના ગામ, રાજ્ય અને દેશને વિકસિત બનવવા માટે પોતાના કર્યો થકી યોગદાન આપે તેવો અનુરોધ કર્યો હતો. આ સાથે તેમણે સ્વચ્છતાને જીવનનો કાયમી એક ભાગ બનાવવા માટે પણ જણાવ્યું હતું. આ તકે ખેતીવાડી, આરોગ્ય પશુપાલન સહિતના વિભાગની યોજનાઓના લાભોનું લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે મેરી કહાની મેરી જુબાની અંતર્ગત વિવિધ સરકારી યોજનાના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. ઉપરાંત કાત્રાસા ગ્રામ પંચાયતને સરકારના અનુદાન અને જન ભાગીદારીથી પીવાના પાણીની વાસ્મો યોજના માટે સરપંચ શ્રીમતી પ્રવિણાબેન અનિરૂદ્ધસિંહભાઈ ડોડીયાને અભિનંદન પત્ર એનાયત

## આરોગ્ય કેમ્પ, સેવા સેતુ અને પશુ આરોગ્ય કેમ્પનો લોકોએ મેળવ્યો લાભ

કરવામાં હતો. કાર્યક્રમના પ્રારંભે માળીયાના તાલુકા વિકાસ અધિકારી મિલનસિંહ બાવરાએ શાબ્દિક સ્વાગત અને જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ લક્ષ્મણભાઈ યાદવે આભારવિધિ કરી હતી.

રઆ પ્રસંગે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા, કલેકટર અનિલ કુમાર રાણાવાસીયા, જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન દિલીપભાઈ સિસોદિયા, તાલુકા પંચાયતના પ્રમુખ અનિલભાઈ લાડાણી, જિલ્લા પંચાયતના સદસ્ય સર્વ હીરાભાઈ સોલંકી, વરજાંગભાઈ કરમટા, માળીયા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રણજીતભાઈ યાદવ, તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન રાજાભાઈ પટાટ, તાલુકા પંચાયતના સદસ્ય સર્વ ડાયાભાઈ જોરા, કિશોરભાઈ દયાતર, અગ્રણી સર્વ રાજેશભાઈ ભલોડીયા, રાજશીભાઈ ડોડીયા, રાજશીભાઈ ચૌહાણ, ભગતભાઈ ચૌહાણ, અધિક નિવાસી કલેકટર પી.જી. પટેલ પ્રાંત અધિકારી સુશ્રી નીશાબા ચુડાસમા, સહિતના પદાધિકારી-અધિકારી અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# માળીયા હાટીનાના કાત્રાસા ગામે વોલીબોલ સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓ અને કોચનું સન્માન કરાયું

### સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત હેઠળની ઈન સ્કુલ યોજનાનો વિદ્યાર્થીઓને મળી રહેલો લાભ



જૂનાગઢ, તા.૧

વિકસિત ભારત સંકલ્પ યાત્રા જૂનાગઢ જિલ્લામાં ગામે ગામ ફરી લોકોને પ્રજાલક્ષી યોજનાઓના લાભ આપવાની સાથે તેની જાણકારી આપવામાં આવી રહી છે આ સાથે શ્રેષ્ઠ રમતવીરોનું પણ બહુમાન કરવામાં આવી રહ્યું છે.

માળીયાહાટીનાના કાત્રાસા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના અનુસંધાને આયોજિત કાર્યક્રમમાં નેશનલ કક્ષાએ વોલીબોલ સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓ અને તેના કોચ શ્રી મયુર વેગડનું સન્માન કરવામાં આવ્યું હતું. ટ્રેનર મયુર વેગડે જણાવ્યું કે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત હેઠળની ઈન સ્કુલ યોજના મારફતે ચોરવાડની શેઠ જીવનલાલ મોતીચંદ વિનય મંદિર ખાતે ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને વોલીબોલ ઉપરાંત એથ્લેટિકસ માટે કોચિંગ આપવામાં આવી રહ્યું છે. જેમાંના ખેલાડીઓની ટીમ તાલુકા જિલ્લા અને રાજયકક્ષાએ જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લઈ વિજેતા બની હતી, તેના પરિણામે મહારાષ્ટ્રમાં આયોજિત રાષ્ટ્રીય કક્ષાની વોલીબોલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમણે કહ્યું કે આ સિદ્ધિ માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાનના આ કાર્યક્રમમાં સન્માનિત થવાથી ખેલાડીઓ ગૌરવ અનુભવી રહ્યા છે. આમ, ખેલાડીઓને રમતના મેદાનમાં વધુ શ્રેષ્ઠ દેખાવ કરવાની પ્રેરણા પણ મળશે. મયુર વેગડે કેન્દ્ર-રાજય સરકારની ખેલ પ્રોત્સાહક નીતિથી રમત ગમત માટે એક નવા વાતાવરણનું નિર્માણ થઈ રહ્યું છે.

# જૂનાગઢ આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરાશે

### જન-જાગૃતિસાથે રેલી, એચઆઈવી અવેરનેશ સાથે તપાસ કેમ્પ,શાળા-કોલેજમાં વિદ્યાર્થીઓ સાથે રેલી સહિતના કાર્યક્રમો યોજાશે : દરેક સમુદાય એચ.આઈ.વી, એઈડ્સ નાબુદી માટે નેતૃત્વ લે ની થીમ જાગૃતિના કાર્યક્રમો યોજાશે

જૂનાગઢ, તા.૧

જૂનાગઢ આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ એઈડ્સ દિવસનીની ઉજવણી તા. ૧ ડિસેમ્બરના રોજદરેક સમુદાય એચ.આઈ.વી/એઈડ્સ નાબુદી માટે નેતૃત્વ લે ની થીમ સાથે કરાશે.જેમાં જન-જાગૃતિસાથે રેલી, એચઆઈવી અવેરનેશ સાથે તપાસ કેમ્પ, શાળા-કોલેજમાં વિદ્યાર્થીઓ સાથે રેલી સહિતના કાર્યક્રમો યોજાશે.

ભારત સરકાર, ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ, જૂનાગઢઆરોગ્ય વિભાગ અને દિશા ટીમ દ્વારા જૂનાગઢ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનોજ સુતરીયા અને જિલ્લા એઈડ્સ કંટ્રોલ અધિકારી ડો.ચંદ્રેશ વ્યાસ ના માર્ગદર્શન હેઠળ તા. ૧લી ડીસેમ્બર "વિશ્વ એઈડ્સ દિવસની"ની ઉજવણી "દરેક સમુદાય એચ.આઈ.વી, એઈડ્સ નાબુદી માટે નેતૃત્વ લે"ની થીમ સાથે લોક જાગૃતિના કાર્યક્રમો યોજાશે. જેમાં ૧લી ડીસેમ્બરે જનરલ હોસ્પિટલ જૂનાગઢ જિલ્લા કક્ષાએ બેનર અને સુત્રો સાથે જન-જાગૃતિસાથે રેલીના કાર્યક્રમ,જિલ્લા અને તાલુકા કક્ષાએ આઈ.ટી.આઈ ના તાલીમાર્થી સાથે એચઆઈવી અવેરનેશ સાથે તપાસ કેમ્પનું, તાલુકા અને ગ્રામ્યકક્ષાએ શાળા-કોલેજમાં વિદ્યાર્થીઓ સાથે રેલીઓ અને જન-જાગૃતિ ના કાર્યકમો,તમામ તાલુકા અને ગ્રામ્યકક્ષાએ લોકોમાં જન-જાગૃતિ ના કાર્યકમોનું આયોજન , એ નેશનલ એઈડ્સ કંટ્રોલ અંતર્ગત કામ કરતી તમામ ફેસેલીટીઓ અને તેમના સ્ટાફ દ્વારા જન-જાગૃતિ ના કાર્યકમો યોજાશે. તેમજ HIV / AIDS ટોલ-ફ્રી હેલ્પલાઇન ૧૦૯૭ તથા NACO-AIDS મોબાઈલ એપ્લીકેશન દ્વારા લોકને શરમ અને સંકોચ વિના માહિતી મેળવે તે માટે વધુમાં વધુ લોકો સુધી પ્રચાર-પ્રસાર, જિલ્લા જેલ જૂનાગઢમાં બંદીવાન ભાઈઓનેએચઆઈવીઅનેજાતીય રોગો વિષે અવેરનેશ સાથે તપાસ કેમ્પનું આયોજન થનાર છે. આમ જૂનાગઢ જિલ્લામાં શાળા-કોલેજો રેલી અને લોકોમાં જનજાગૃતિ કાર્યક્રમો જિલ્લા, તાલુકા અને ગ્રામ્યકક્ષાએ તેમજ દરેક આઈસીટીસી સેન્ટરો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, શહેરી અને ગ્રામ્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, NACP પ્રોગ્રામમાં કામ કરતી તમામ ફેસેલીટીઓ અને સંસ્થાઓ દ્વારા વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવશે.

### UNM ફાઉન્ડેશન આયોજીત અભિવ્યક્તિ – ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની ૫મી આવૃત્તિ અભિવ્યક્તિના મંચ ઉપર

# નૃત્ય અને નાટક થકી પૂર્વ અને પશ્ચિમની સાંસ્કૃતિક વિવિધતાનો સંગમ

અમદાવાદ, તા.૧

ટોરેન્ટ ગ્રુપના UNM ફાઉન્ડેશન આયોજીત અભિવ્યક્તિ – ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની ૫મી આવૃત્તિના મંચ ઉપર ગુરૂવારે કલાના વિવિધ સ્વરૂપોમાં રહેલ સાંસ્કૃતિક વિવિધતાનો સંગમ જોવા મળ્યો. કલા રસિકોએ દેશના પૂર્વ છેડે આવેલ મણિપુરની સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા મંત્રમુગ્ધ નૃત્ય પ્રદર્શનનો આનંદ માણ્યો. સાથે દેશના પશ્ચિમ છેડે આવેલ કાઠીયાવાડ( સૌરાષ્ટ્ર)ની પૂષ્ઠભૂમિ ઉપર આધારીત નાટકોને પણ નિહાળ્યા. આજે એવોર્ડ વિજેતા થિયેટર આર્ટિસ્ટ રવિ ઉઘરેજિયાએ તેમનું નાટક 'બાપુજીની છેલ્લી ઈચ્છા' રજુ કર્યું. કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર)ની પુષ્ઠભૂમિ ઉપર આધારીત આ નાટક જીવનની ઢળતી સાંજો ગણી રહેલ એક વૃદ્ધ વ્યક્તિની કરૂણ કથા અને તેમની અંતિમ ઈચ્છા પૂરી કરવા માટે પરિવારજનો શ્રેષ્ઠ પ્રયત્નોની વાર્તા રજુ કરે છે. દર્શકોએ નાટકની પટકથા સાથે વણી લેવાયેલ દોહા, છંદ, ભજન જેવાર સ્થાનિક લોક સંગીતના વિવિધ સ્વરૂપોનો સ્વાદ માણ્યો. લોક કલાના વિવિધ સ્વરૂપોના સંગમ સમાન આ નાટક દર્શકોના અનુભવને સમૃદ્ધ બનાવાની સાથે માનસપટલ ઉપર ભાવનાત્મક અસર પણ છોડે છે. જાણીતા આર્કિટેક્ટ અને ડિઝાઈનર કબીર ઠાકોર પોતાના નાટક ચલપ મેરે રોબો દ્વારા વર્તમાન શિક્ષણ પદ્ધતિ ઉપર વિચાર પ્રેરક અને વ્યંગાત્મક કટાક્ષ કરે છે. નાટક દર્શકોને સીધો સવાલ કરે છે કે આપણે આપણા બાળકોને રોબોટ્સ બનાવી રહ્યા છીએ કે માણસ ? અંતે નાટક દર્શકોને પોતાના બાળકોને શિક્ષિત બનાવામાં વર્તમાન શિક્ષણ પદ્ધતિ કેટલી અસરકારક છે તે બાબતે વિચારવા માટે મજબુર કરે છે. દર્શકોને એક અલગ અનુભવ કરાવતા ધૈર્ય પંડ્યાએ પોતાના સંગીતમય વ્યંગ ર્ફ્;શોર - એક આને વાલી કહાનીના માધ્યમથી ભવિષ્યની બાબતો અંગે વિચારતા કરી નાંખ્યા. પ્લેટફોર્મ ડ્રામા પર્ફોર્મન્સના માધ્યમથી તેમણે વર્તમાન ક્રિયાઓ અને વાર્તાલાપની ભવિષ્ય ઉપર થનારી અસરોને વર્ણવી. એક એવી વાર્તા જે હજી બની પણ નથી તેમણે પરંપરાગત 'સભા' સેટિંગમાં ગીતો દ્વારા રજુ કરી. ધૈર્ય પંડ્યા કથાકાર પ્રોડકશનના સ્થાપક છે અને છેલ્લા ૯ વર્ષથી મુખ્યત્વે દાસ્તાન ગોઈ અને વેન્ટ્રિલોક્વિઝમના માધ્યમથી નાટકો રજુ કરી રહ્યા છે.

# જૂનાગઢ ખંભલાવ માતાજી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્નેહમિલન અને વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો



જૂનાગઢ, ત.૧

ખંભલાવ માતાજી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ડો.રાધાકૃષ્ણન કોમ્યુનિટી હોલ ખાતે તા ર૬ નવેમ્બરે પરિવારના સભ્યોનું સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત પરિવારના તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાનો પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.


સ્નેહ મિલન અને સન્માન સમારોહ કાર્યક્રમ બાદ ભોજન પ્રસાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ .જેમાં મોટી સંખ્યામાં પરિવારજનો જોડાયા હતા અને નૂતન વર્ષની આપલે કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ખંભલાવ માતાજી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના ભરતભાઈ રાવલ, હિમાંશુભાઈ રાવલ, કમલેશભાઈ વ્યાસ, જયેશભાઈ પંડયા, ચિરાગભાઈ રાવલ સહિતના કારોબારી સભ્યોની ટીમે જહેમત ઉઠાવી હતી.

# માળીયા હાટીના અમરાપુર ગામે આવેલ અંકુર વિદ્યા સંકુલનું ગૌરવ વધારતો વિદ્યાર્થી પ્રદ્યુમ્ન ડાંગર

(રમેશ કારીયા દ્વારા)

અમરાપુર, તા.૧

મળતી માહિતી મુજબ ૧૯મી ઈન્ટરનેશનલ કક્ષાની કરાટે ચેમ્પિયનશીપનું આયોજન તા.૨૪ - ૨૬ નવેમ્બર ૨૦૨૩ ના પોર્ટ સ્ટેડિયમ વિશાખાપટ્ટનમ આંધ્રપ્રદેશ ખાતે ઓલ ઈન્ડિયા વાડો - કાય કરાટે ડો.એસોસિએશનના ચેરમેન શિહાન રાજેશ અગ્રવાલ સાહેબના નેજા હેઠળ કરવામાં આવેલ હતું, જેમાં ઈન્ડિયા, ઓસ્ટ્રેલિયા, ચીન, નેપાલ , મલેશિયા, શ્રીલંકા, ઉજબેકીસ્તાન, ભૂટાન, ઈન્ડોનેશિયા, યૂરોપ, સહિતના ૧૦ દેશોએ ભાગ લીધો હતો જેમાં આશરે ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ અલગ અલગ દેશોમાંથી જોડાયા જેમાં આપણા જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ અમરાપુરમાંથી અંકુર સ્કુલનો વિદ્યાર્થી પ્રદ્યુમન નામુભાઈ ડાંગરએ અંડર ૧૭વર્ષની કેટેગરીમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. આ વિદ્યાર્થીઓને કરાટે કોચ શિહાન પ્રવીણકુમાર ચૌહાણ અને સેન્સય ધરમવીરસિંહ ના નેતૃત્વ હેઠળ કરાટે તાલીમ મેળવે છે અને આ ૧૯મી ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પયનશીપમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત સાઉથના એકટર સુમન તલવાર સર, યૂરોપથી આવેલ મહેમાન વાડો - કાય વાઈસ પ્રેસિડેન્ટ બેરી વીલકીસન સર, જજ સાહિન અખ્તર મેમ દ્વારા કરાટે માર્ગદર્શન આપવામાં આવ્યો, તેમજ અંકુર વિદ્યા સંકુલ પ્રિન્સિપાલ ભગતસિંહ



તેમજ સ્ટાફ દ્વારા ખુબ ખુબ અભિનંદન પાઠવામાં આવ્યા હતા.અને ઉષ્મા ભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા કુંભાર જ્ઞાતિ સમુહ લગ્ન સમિતિ દ્વારા ૧૯માં સમૂહ લગ્ન યોજાયા

### ૨૪ નવદંપતીઓએ પ્રણય જીવનના પવિત્ર પથનાં બંધન બની પ્રભુતામાં પગલા પાડયા

(નિરવ ગઢીયા દ્વારા)

ગીરગઢડા, તા.૧

ગીરગઢડા તાલુકાના સનવાવ ગામે તા.૨૭/૧૧/૨૦૨૩નાં રોજ શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમુહ લગ્ન સમારોહ દબદબા ભેર યોજાયો હતો. આ સમૂહ લગ્નમાં ૨૪ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયાં હતાં સમુહ લગ્નમાં જ્ઞાતિનાં શ્રેષ્ઠ દાતાઓનું સમુહ લગ્ન સમિતિનાં પ્રમુખ હીરજીભાઈ જીવાભાઈ પરમાર, ઉ. પ્રમુખ કાળુભાઈ ભાણાભાઈ ચોટલિયા, મંત્રી જેશિંગભાઈ ભીખાભાઈ પોરિયા તેમજ સભ્યો દ્વારા તમામ જ્ઞાતિ અને મહાનુભાવોઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ સમુહ લગ્નનાં સ્થાપક નારણભાઈ દેવદાસભાઈ મનાણી, જે.કે.ચાવડા ઉપાધ્યક્ષ ભાજપ બક્ષીપંચ મોરચો જૂનાગઢ, દિનેશભાઈ કાચા, આ સમુહ લગ્નનાં ભોજન દાતા ભીખાભાઈ કાનાભાઈ રાઠોડ, રહ્યા હતા. કરશનભાઈ મૂળાભાઈ ગેડીયા, દામજીભાઈ ગોવિંદભાઈ મારૂ, જીજ્ઞેશભાઈ નાનજીભાઈ વાળા, વાલજીભાઈ પોરીયા તેમજ આ સમૂહ લગ્ન સમારોહમાં નાઘેર સુરત પંથકનાં અગ્રણીઓ, બહોળી સંખ્યામાં ભાઈઓ-બહેનો, માતાઓ, વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# આર્થિક સ્થિતિની અવગણના ખતરાની નિશાની

પહેલાં જ્યારે ચૂંટણીઓ યોજાતી હતી, ત્યારે રણનીતિક દાવ દ્વારા રાજકીય પક્ષો એકબીજાને માત આપતા હતા, પરંતુ હવે તો હાટડી ભરાવા માંડી છે. એવી હાટડી, જ્યાં સૌથી ટકાઉપણાની વાત નથી થતી. વાત થાય છે અમારો માલ સૌથી સસ્તો! અમારી દુકાન પર આવો, તમને સસ્તો સિલિન્ડર, સ્કૂટી, લેપટોપ, મોબાઈલ, સોનું વગેરે આપીશું. મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન અને તેલંગણાની ચૂંટણીમાં રાજકીય પક્ષો હાટડી માંડીને બેઠા છે. એક પક્ષ છે, પરંતુ તેનો બીજો પક્ષ બહુ અંધારિયો છે, જે કોઈ નથી દેખાડી રહ્યું. સામાન્ય રીતે દરેક રાજ્ય પોતાની કમાણીના ૫૦-૭૫ ટકા માત્ર વેતન ભથ્થાં, પેન્શન અને દેવાંની ચૂકવણીમાં જ વાપરી નાખે છે. બાકી વિકાસ અને અન્ય કાર્ય માટે થાય છે. એવામાં જો રેવડીની દુકાન ખૂલી ગઈ અને સસ્તા માલના ચક્કરમાં આવક ઘટી ગઈ તો? હાલમાં એના પર ના રાજકીય પક્ષો ચર્ચા માટે તૈયાર છે કે ના મતદારો તે ચર્ચા સાંભળવા માંગે છે, પરંતુ સમય તો એક દિવસે સમજાવશે જ. કારણ કે આખો ખેલ આંકડાનો છે, તેથી પહેલાં તેને સમજવું જરૂરી છે. વિભિન્ન રાજ્યોના ૨૦૨૩-૨૪ના બજેટની સમીક્ષા અનુસાર બિહાર, ઝારખંડ, ઓડિશા અને પૂર્વોત્તરના કેટલાક રાજ્યોને છોડી દેવામાં આવે તો મોટાભાગના રાજ્યોનું કમિટેડ એક્સપેંડિચર બજેટના અડધાથી વધારે છે. એટલે કે અડધા હિસ્સા પર તો સરકારનું કોઈ જોર નથી. બાકીના અડધામાં જ આખું વર્ષ ખેંચવાનું છે. પંજાબમાં તે ૭૫ ટકા છે તો હિમાચલમાં ૮૦, કેરળમાં ૭૦ તો બંગાળમાં ૬૨ ટકા. હિમાચલમાં ઓલ્ડ પેન્શન સ્કીમ એક મોટો મુદ્દો હતો. જ્યારે તે લાગુ થશે તો ૮૦ ટકાની સીમા વધીને ક્યાં જશે એના પર કશું જ કહી ન શકાય! રાજસ્થાનનું પણ કમિટેડ એક્સપેંડિચર ૫૬ ટકા છે અને છત્તીસગઢનું ૪૩ ટકા. મધ્ય પ્રદેશ અને તેલંગણાએ વેતન ભથ્થાંના આંકડા જ નથી આપ્યા! આ રાજ્યોમાં વિભિન્ન પક્ષો દ્વારા અપાઈ રહેલ પ્રલોભનોની ભરમાર છે. કોઈ ખચકાટ, ગભરાટ વિના બોલી લગાવવામાં આવી છે.

વિચિત્ર વાત એ પણ છે કે ભાજપ રેવડી સંસ્કૃતિનો વિરોધ કરે છે, પરંતુ રાજસ્થાનમાં સિલિન્ડર કોણ કેટલો સસ્તો આપશે, તેની કોંગ્રેસ સાથે હોડ છે. શું ખરેખર આ પક્ષોને વિશ્વાસ છે કે તેઓ લાંબા સમય સુધી બીજી કલ્યાણકારી યોજનાઓ ચાલુ રાખીને અને ક્યાંક ક્યાંક તેને વિસ્તાર આપતાં આ રેવડીઓ ચાલુ રાખી શકશે? દુર્ભાગ્યની વાત છે કે આ પક્ષોના ઘોષણાપત્રોમાં ક્યાંય પણ ઔદ્યોગિક વિકાસની વાત પ્રમુખતામાં નથી, જે રોજગારની સાથે આવક પણ વધારે. કોઈ એ કહેવા તૈયાર નથી કે તેઓ એવું શાસન આપશે, જ્યાં વિકાસ કાર્ય માટે પૈસાની કમી નહીં હોય અને જાહેર સુવિધાઓ વધશે. રાજ્યોનાં પ્રાથમિક ચિકિત્સા કેન્દ્રો સામાન્યપણે ઉજ્જડ પડેલાં હોય છે, પરંતુ ૪૦-૫૦ લાખ રૂપિયાના મેડિકલ વિમાનો દાવો કરવામાં આવે છે. તેલંગણામાં તો તેની હોડ જામી છે કે ઘરે બેઠાં કામ કર્યા વિના જ પૈસા કેવી રીતે બની શકે છે! ભાજપ મધ્ય પ્રદેશમાં લાડલી બહેના જેવી યોજનાઓ પર આશા રાખે છે, જે શિવરાજ સિંહ ચૌહાણ લોન લીધા વગર નથી આપી શકતા. તેલંગણા એ ભરોસા સાથે સતત લોન લઈ રહ્યું છે કે સરકાર બની તો ફરીથી લોન લઈ લઈશું. એનો કોઈ હિસાબ જ નથી કે દરેક લોનની સાથે કમિટેડ એક્સપેંડિચર પણ વધતું જાય છે.

તમિલનાડુમાં રેવડી દ્વારા મતદારોને લોભાવવાનો ખેલ લાંબા સમયથી ચાલતો આવ્યો છે, પરંતુ હિમાચલ અને કર્ણાટક ચૂંટણી બાદથી તે ઝડપથી ફેલાયો. કોંગ્રેસે એના જ જોરે બંને રાજ્યોમાં જીત મેળવી. ભાજપ પણ આ બસમાં નાછૂટકે સવાર થઈ ગઈ છે. કોઈ એના પર ધ્યાન નથી આપતું કે કર્ણાટક જેવું ધનિક રાજ્ય પણ રેવડીના બોજ તળે એટલું દબાઈ ગયું છે કે ઉપમુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે ધારાસભ્યોને એ ચેતવણી આપી દીધી કે એક વર્ષ સુધી કોઈ વિકાસ કાર્ય માટે પૈસા માગે નહીં. જો આ હાલ કર્ણાટકના થઈ શકે તો એવા રાજ્યોનું શું થશે, જેની આવક જ ઓછી છે. શું કોઈ રાજ્ય એની ગેરંટી આપશે કે આમદની અઠન્ની ખર્ચા રૂપૈયા કર્યા છતાં ક્યારેય પગાર ચૂકવણીમાં વિલંબ નહીં થાય અને સ્વાસ્થ્ય સુવિધાઓ મળતી રહેશે? રાજ્યોની જે હાલત છે, તેમાં એવું થવું બહુ મુશ્કેલ છે.

બહુ આસાનીથી મતદારોની ટીકા કરી શકાય છે કે તેઓ લાલચુ થઈ ગયા છે. પરંતુ તેઓ કરે તો શું કરે? તેમને લાગે છે કે પાંચ વર્ષમાં ચૂંટણી આવી છે તો જે હાથમાં આવે તે લઈ લો! લોકતંત્ર માટે આ સૌથી ખતરનાક ચીજ હશે અને તેના જવાબદાર માત્ર રાજકીય પક્ષો જ નહીં, આપણે બધા હોઈશું, જે સવાલ પૂછવાથી બચી રહ્યા છે. આપણે એ સમજવા તૈયાર નથી કે વેનેઝુએલા જેવો દેશ, જ્યાં ક્યારેક પ્રતિ વ્યક્તિ આવક વિશ્વમાં સૌથી વધારે હતી, તે ખોટી નીતિઓ અને પ્રશાસનને કારણે આજે દુર્દશામાં છે. કાં તો ભારતીય મતદારો હજુ આ સત્યને જાણતા નથી કાં પછી રાજકીય પક્ષો બહુ જ બેશરમ છે.

જો આ જ હાલત રહી તો સ્થિતિ બેકાબૂ થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે પણ રેવડી સંસ્કૃતિને લઈને ચેતવ્યા છે. તેણે કમિટી બનાવવાની વાત કહી હતી. અત્યાર સુધી તે બની નથી. કેટલાક પક્ષ તો તેનો વિરોધ પણ કરી ચૂક્યા છે. ચૂંટણી પંચ ઈચ્છે છે કે રાજકીય પક્ષ જે પણ વાયદો કરે, તેની સાથે એ પણ જણાવે કે તેના માટે નાણાંકીય વ્યવસ્થાપન કેવું હશે, પરંતુ ચારેબાજુ ચૂપકિદી છે. રાજકીય પક્ષોની પ્રાથમિકતા રાજ્યોની આર્થિક સ્વાસ્થ્ય નથી. આરબીઆઈ વારંવાર આંકડા જારી કરીને રાજ્યોને ચેતવતી રહે છે કે હવે વેતન-ભથ્થાં પર પણ ખતરો આવી શકે છે, પરંતુ જોકે રાજ્યો પણ રેવડી વહેંચવા માટે તત્પર છે, જે ખતરાના નિશાનને પાર કરી ગયા છે.

## નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ

# દેશના ૭૫ હેરીટેજ વોટર સ્ટ્રકચર પૈકી જુનાગઢનો સુદર્શન તળાવ સહિત ગુજરાતના સાતની પસંદગી





## જુનાગઢના સુદર્શન તળાવ સહિત અમદાવાદના કાંકરીયા, ચંડોળા તળાવનો સમાવેશ

અમદાવાદ,તા. ૦૧

કેન્દ્ર સરકારના જળ સંશાધન મંત્રાલય દ્વારા ' વોટર હેરીટેઝ' પખવાડીયું માટે આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત પસંદગી પામેલા ૭૫ વોટર હેરીટેજ સ્ટ્રકચર અંગે નાગરિકોમાં જાગૃતિ લાવવા તેમજ પ્રવાસનને પ્રોત્સાહિત કરવા અને હેરીટેજ સ્ટ્રકચરની પુનઃ સ્થાપન હેતુ થી અમદાવાદના ઈન્સપેકશન બંગ્લોઝ, દાણીલીમડા ખાતે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા 'જન જાગૃતિ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મણીનગરના ધારાસભ્યશ્રી અમુલભાઈ ભટ્ટ, દાણીલીમડાના ધારાસભ્ય - શૈલેષભાઈ પરમાર, ઔડાના પૂર્વ ચેરમેન - ધર્મેન્દ્રભાઈ શાહની ઉપસ્થિતમાં ૭૫ હેરીટેઝ વોટર હેરીટેઝ સ્ટ્રકચરમાં પસંદગી પામેલ દાણીલીમડા વોર્ડના ચંડોળા તળાવનુ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત જન જાગૃતિ કાર્યક્રમનો શુભઆરંભ કરાયો હતો.

આ પ્રસંગે ભાજપના ધારાસભ્ય -અમુલભાઈ ભટ્ટે દેશની તમામ નદીઓને જોડવાનું ભગીરથ કાર્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે તે સરાહનીય છે.શહેરના કાંકરિયા તળાવ એ મુખ્ય પ્રવેશદ્વાર છે.જેના વિકાસ બાદ આજે વિશ્વ?ભરના પર્યટકો તેની મુલાકાત લે છે.

આ પ્રસંગે મ્યુ.કોર્પો.ના વિપક્ષી નેતા - શહેજાદખાન પઠાણ, મ્યુ. કાઉન્સીલર - જમનાબેન વેગડા,મ્યુ. કાઉન્સીલર - રમીલાબેન પરમાર,મ્યુ. કાઉન્સીલર - સલીમભાઈ સાબુવાલા, બહેરામપુરા વોર્ડના મ્યુ. કાઉન્સીલર - કમળાબેન ચાવડા, તસ્નીમઆલમ તિરમીઝી, રફીકભાઈ શેખ, શાહજહાંબાનુ અન્સારી તેમજ ઈસનપુર વોર્ડના મ્યુ. કાઉન્સીલર - મોના રાવલ, ગીતાબેન સોલંકી, શંકરભાઈ ચૌધરી, મૌલીકભાઈ પટેલ, લાંભા વોર્ડના મ્યુ. કાઉન્સીલર - કાળુભાઈ ભરવાડ, માનસિંહભાઈ સોલંકી તેમજ સ્થાનિક આગેવાનો, અધિકારી - કર્મચારીગણ, નાગરિકો વગેરે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. દરમ્યાન ,નર્મદા,જળસંપત્તિ ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના અમદાવાદ જળસંપત્તિ વિભાગના એસ કે ખાંટે ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરી રાજયના વોટર હેરિટેજ સ્ટ્રકચરથી વાકેફ કર્યા હતા.

# આગામી ૫ વર્ષમાં સેમિકન્ડક્ટર સેક્ટર દ્વારા ગુજરાતમાં ૨ લાખથી વધુ નોકરીઓનું સર્જન કરવાનો લક્ષ્યાંક

## માઈક્રોન કંપનીનો સાણંદમાં સ્થપાયેલો પ્લાન્ટ ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રને નવી દિશા આપશે

ગાંધીનગર, તા.૧

ગુજરાતને ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઈન એન્ડ મેન્યુફેક્ચરિંગ (ઈજીહ્રસ) અને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાના વિઝન સાથે, રાજ્યમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ (૨૦૨૨-૨૮) અને સેમિકન્ડકટર મેન્યુફેક્ચરિંગ (૨૦૨૨-૨૭) માટે રાષ્ટ્રીય નીતિની શરૂઆત કરવામાં આવી છે. વિવિધ નીતિઓનો અમલ કરીને સમગ્ર દેશમાં વધુ શ્રેષ્ઠ ઉદાહરણ સ્થાપિત કરવામાં આવી રહ્યુ છે. ઉલ્લેખનીય છે કે સેમિકન્ડક્ટર સેક્ટર માટે ડેડિકેટેડ પોલિસી શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.

ગુજરાતમાં મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિઓને વધુ સરળ બનાવવા અને તેને પ્રોત્સાહન આપવા માટે આ નીતિઓમાં તમામ જરૂરી જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નીતિઓ દ્વારા, ગુજરાત સંરક્ષણ ક્ષેત્ર અને ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રમાં સેમિકન્ડક્ટર ચિપ્સના વ્યાપક ઉપયોગની શક્યતાઓ જોઈ રહ્યું છે. ગુજરાત સરકાર તેની સેમિકન્ડકટર પોલિસી દ્વારા આગામી ૫ વર્ષમાં આ સેકટરમાં ૨ લાખથી વધુ નોકરીઓનું સર્જન કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. વિશ્વની સૌથી મોટી સેમિકન્ડકટર ચિપ મેન્યુફેક્ચરિંગ કંપની માઈક્રોને ગુજરાતમાં સૌપ્રથમ રોકાણ કર્યુ છે. ગુજરાતના ભાવિ વિકાસ માટે સેમિકન્ડકટર સેકટરને મુખ્ય તાકાત બનાવવાના ઉદ્દેશ્ય સાથે, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ સંબંધિત વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રોડ શો અને પ્રતિનિધિમંડળના પ્રવાસોનું આયોજન કર્યું છે. ગુજરાત સરકારના પ્રતિનિધિમંડળની આ મુલાકાતોએ રાજ્યની વિકાસ યાત્રા પ્રદર્શિત કરવાની, ભવિષ્યના વિકાસ માટેના રાજ્યના વિઝનને શેર કરવાની અને ગુજરાતની વિકાસ યાત્રામાં ભાગીદાર બનવા માટે તેમને આમંત્રિત કરવાની અનન્ય તક પૂરી પાડી છે. ૨૦૨૪ પહેલા વિવિધ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય રોડ શો અને પ્રતિનિધિમંડળની મુલાકાતો દ્વારા અત્યાર સુધીમાં ૧૦૦૦ થી વધુ કંપનીઓનો સંપર્ક કરવામાં આવ્યો છે. આ મુલાકાતોએ ગુજરાતના વિકાસના વિઝનને અનુરૂપ વ્યૂહાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના "વિકસિત ભારતજ૨૦૪૭"ના વિઝનને સાકાર કરવામાં મદદ કરી છે.

ઉપરાંત, આ પ્રતિનિધિમંડળની મુલાકાતો અને રોડ શોના પરિણામે, જાપાન, દક્ષિણ કોરિયાની કંપનીઓ તેમજ નવી દિલ્હી અને બેંગલુરુમાં ભારતીય-સ્થિત કંપનીઓએ આ ક્ષેત્રમાં રોકાણની તકો શોધવામાં ઊંડો રસ દાખવ્યો છે. આ કંપનીઓએ સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, એસેમ્બલી ટેસ્ટીંગ, પેકેજિંગ અને મહત્વપૂર્ણ કોમ્પોનન્ટના ઉત્પાદન અને ડેવલપિંગ એન્જિનિયરિંગ/ટેકનોલોજી સેન્ટર્સ વિકસાવવામાં તેમની રુચિ દર્શાવી છે.

# ગુજરાતની ૧૫૭ નગરપાલિકા, ૮ મ્યુનિસિપલ કોર્પોરેશને છેલ્લાં પાંચ વર્ષથી વીજબિલ ભર્યું નથી

અમદાવાદ,તા.૧

ગુજરાતની એક બાદ એક નગર પાલિકાઓ દેવાળું ફૂંકી રહી છે. ગુજરાતની નગર પાલિકાઓ પોતાનું લાઈટ બિલ ભરી શકી નથી. વિકાસના બણગા ફૂંકતા ગુજરાતમાં મોટી મોટી વાતો થાય છે. પરંતુ જમીની હકીકત કંઈ બીજી જ છે. ગુજરાતની પાલિકાઓમાં અંધેર નગરી જેવો વહીવટ ચાલી રહ્યો છે. ટેક્સ ચૂકવ્યા બાદ પણ લોકોને તૂટેલા રસ્તાઓ, ખાડા, રખડતા ઢોરો, ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો છે. તમે તો ટેક્સ ભરી દો, પરંતું શું તમારી પાલિકા ટેક્સ ભરે છે.

ગુજરાતની અનેક પાલિકાઓએ અનેક બિલ ચૂકવ્યા નથી. ગુજરાતની ૧૫૭ નગરપાલિકા, ૮ મ્યુનિસિપલ કોર્પોરેશને છેલ્લાં ચાર-પાંચ વર્ષથી વોટર વર્કસ અને સ્ટ્રીટ લાઈટનું વીજબિલ ભર્યુ જ નથી. વીજબિલ પેટે ૫૦૩ કરોડ ૩૫ લાખ અને ૫૭ હજાર રૂપિયા જેટલી રકમ વીજબિલ પેટે ભરવાની બાકી છે. જેથી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડે આ રકમ ભરવા આદેશ કર્યો છે. ઉર્જા વિતરણ કંપનીઓને ગુજરાતના વિવિધ પાલિકા અને નગરપાલિકાઓ પાસેથી ૨૪૩.૪૪ લાખ જેટલા રૂપિયા વસૂલવાના થાય છે. જે કુલ બાકી વીજબિલની રકમના ૫૦ ટકા કહેવાય. ત્યારે સરકારે પેન્ડિંગ બીલ તરત ભરી દેવા નગરપાલિકાઓને આદેશ કર્યો છે. જો સમયસર ચૂકવણી ન થાય તો શક્ય છે કે તમારા ઘરની બહાર અંધારું જોવા મળશે. સ્ટ્રીટ લાઈટો ચાલુ નહિ થાય. ગુજરાત દેવા તળે ડૂબી રહ્યું છે. ગુજરાતના માથા પર દેવાનો ડુંગર મોટો થઈ રહ્યો છે. હવે તો સ્થિતિ એવી થઈ ગઈ છે કે, ગુજરાત સરકારનું દેવું ૩,૦૦૯૬૩ કરોડ પર પહોંચી ગયું છે. આવામાં ગુજરાતની અનેક પાલિકાઓમાં જનપ્રતિનિધિઓને બદલે વહીવટદારોનો કબજો છે. ક્યાંક ડેપ્યુટી કલેકટર તો ક્યાંક મામલતદારોથી વહીવટ ચાલી રહ્યો છે. આ કારણોસર ટેક્સની વસૂલાત અને વીજબિલની રકમ ચૂકવવાની બાકી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. ત્યારે સવાલ એ છે કે, શું આ દેવુ ચૂકવવા નવુ દેવુ કરવાનું. આવામાં જનપ્રતિનિધિઓની નિમણૂંક સ્થાનિક સ્વરાજ્યોની ચૂંટણી પર આધારિત છે. જે હાલ યોજાવાની કોઈ શક્યતા દેખાઈ નથી રહી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હજી પેન્ડિંગ છે. તેથી લોકસભાની ચૂંટણી નજીક હોવાથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પર અસર થઈ રહી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઉત્સાહ વિના ક્યારે ઉચ્ચ લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી.

- એમર્સન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક વદ-૪, તા.૧ ડિસેમ્બર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૧૭, પુનર્વસુ નક્ષત્ર, શુક્લ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૧૭, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), સવારે ૧૦:૧૫ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આપની ઈચ્છા અટકીને પૂર્ણ થાય. કાર્યબોજમાં વધારો થાય.
વૃષભ:શેર-સટ્ટા, જુગારથી દૂર રહેવું. વ્યાપારમાં તેજી રહે.
મિથુન:સંપત્તિને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલવર્ગથી લાભ થાય.
કર્ક: નોકરીયાત વર્ગને બઢતી-બદલીના યોગ છે. ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ થાય.
સિંહ: કૌટુંબિક વિવાદના ભોગ બનવું પડે. માંગલિક કાર્યમાં સફળતા મળે.
કન્યા: પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. નાણાંભીડ દૂર થાય.
તુલા: ખાવા-પીવામાં કાળજી રાખવી. નવિન શુભ સમાચાર મળે.
વૃશ્ચિક:આકસ્મીક પ્રવાસના યોગ સર્જાય. વાદ-વિવાદથી દૂર રહેવું.
ધન: શત્રુઓને પીછેહટ કરવી પડે. અટકેલા કામમાં પ્રગતિ થાય.
મકર: સ્નેહિ-મિત્રની મદદથી નાણાંકીય સમસ્યા ઉકેલાય. લાભની તક સાંપડે.
કુંભ: અકારણ મનમાં ચિંતા અનુભવાય. કોર્ટ-કચેરીના કાર્યોથી દૂર રહેવું.
મીન: કોઈ નવી જગ્યાનો પ્રવાસ થાય. માનસિક પ્રસન્નતા અનુભવાય.

# ગુજરાતમાં હજુ બે દિવસ કમોસમી વરસાદની આગાહી, માવઠાથી ઠંડી વધશે

## છોટાઉદેપુર, તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં માવઠાની આશંકા

અમદાવાદ,તા.૧

અમદાવાદ હવામાન વિભાગ દ્વારા બુધવારે આપેલી માહિતી પ્રમાણે, આજે પણ રાજયના અનેક વિસ્તારોમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. જેનાથી ખેડૂતોમાં ફરીથી ચિંતા પ્રસરી રહી છે. ગુજરાતમાં ભરશિયાળે માવઠાની જે સીઝન બેઠી છે તે નુકસાની લાવી રહી છે. ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયામાં વધુ એક વખત હવામાનમાં પલટાના યોગ છે. હવામાન નિષ્ણાતોના અનુસકાર, ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં છૂટાછવાયા હળવા ઝાપટાની શક્યતા છે. જેથી ઠંડીનું પ્રમાણ અત્યંત વધી જશે. હવામાન એક્સપર્ટસના જણાવ્યા અનુસાર, ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં વાતાવરણમાં પલટો આવશે. તો કેટલાક જિલ્લાઓમાં છુટાછવાયા વરસાદની શક્યતા છે. આ કારણે ધીરે ધીરે ઠંડીમાં પણ વધારો થશે. રાજયમાં મોટાભાગના જિલ્લાઓમાં ઠંડીનો પારો ગગડી ગયો છે. લઘુત્તમ તાપમાનમાં ૧ થી૪ ડિગ્રીનો ઘટાડો થયો છે. અનેક શહેરોમાં ઠંડીનું જોર વધ્યું છે. અનેક શહેરોમાં વાદળછાયુ વાતાવરણ બન્યું છે. તો ધુમ્મસને કારણે ઝીરો વિઝીબિલિટી જોવા મળી રહી છે. જેથી વાહનચાલકો પણ મુશ્કેલીમાં મૂકાયા છે. ગુજરાતમાં હજુ બે દિવસ કમોસમી વરસાદની આગાહી છે. જેમાં દાહોદ, છોટાઉદેપુર, ડાંગ અને વલસાડ સહિતના વિસ્તારમાં કમોસમી વરસાદની આગાહી છે. જોકે, આ દિવસોમાં ભારે વરસાદની શક્યતા નહીંવત છે તેવુ હવામાન વિભાગનું કહેવું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આ કમોસમી માવઠા વચ્ચે ભારે વરસાદની શક્યતા નહિવત છે. રાજ્યમાં એકાદ જગ્યાએ હળવો વરસાદ રહી શકે છે. હાલ દિવસનું તાપમાન આ સમયે રહેતા તાપમાનની સરખામણીએ ૪-૫ ડિગ્રી ઓછું રહેશે. તો લઘુત્તમ તાપમાનમાં એક થી બે ડિગ્રી આગામી ચાર પાંચ દિવસમાં વધી શકે છે. હજુ બે દિવસ કમોસમી વરસાદની કરવામાં આવી આગાહી છે. તો દાહોદ છોટાઉદેપુર ડાંગ અને વલસાડ વિસ્તારમાં કમોસમી વરસાદની આગાહી છે. આ બંને દિવસોમાં હળવાથી સામાન્ય વરસાદ રહી શકે છે. દિવસના સામાન્ય તાપમાન કરતા ઓછું તાપમાન નોંધાયું. મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં માવઠાની શક્યતા છે. દાહોદ, નર્મદામાં માવઠું થઈ શકે છે. છોટાઉદેપુર, તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં આજે માવઠાની આશંકા છે. દાહોદ, નર્મદા, છોટાઉદેપુર, તાપી, ડાંગ અને વલસાડમાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ થવાની સંભાવના છે. જ્યારે હવામાને આપેલા મેપ પ્રમાણે, નવસારી, વલસાડ, ડાંગ, તાપીમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧લી ડિસેમ્બરે વરસાદની વાત કરીએ તો, દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ થવાની સંભાવના છે. જેમ કે, વસારી, તાપી, ડાંગ અને વલસાડ. જ્યારે પ્રદેશના બાકીના જિલ્લાઓ અને દીવમાં શુષ્ક હવામાન રહેવાની સંભાવના છે.

# ખેડૂતો બાદ પ્રજાનો વારો : માવઠાના બહાને શાકભાજીના ભાવ વધારાતા મોંઘવારીમાં પીસાવું પડશે

## શાકભાજીના ભાવમાં સરેરાશ તોતિંગ ૩૦થી ૪૦ ટકાનો વધારો સીંગતેલના ભાવમાં રૂા.૫૦ સુધીનો વધારો ઝીંકી દેવાયો છે



જૂનાગઢ ,તા.૧

માવઠાને પગલે હવે શાકભાજી મોંઘી કરવાનું બહાનું મળતા ખેડૂતો બાદ સામાન્યપ્રજાને મોંઘવારીમાં પીસાવું પડશે. આવી સ્થિતિમાં સરકારે ભાવ નિયંત્રિત કરવા દરમ્યાનગીરી કરવી જોઈએ. માવઠા બાદ મોંઘવારીમાં વધારો થયો છે. માવઠા અને લગ્નસરાની સીઝનના કારણે શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો થયો છે. હોલસેલમાર્કેટમાં શાકભાજીના ભાવમાં સરેરાશ ૩૦ થી ૪૦ ટકાનો વધારો થયો હતો. ચાર દિવસ અગાઉ પડેલા કમોસમી વરસાદ અને લગ્નસરાની સીઝન અગાઉ શાકભાજીના ભાવમાં વધારો થયો હતો. શાકભાજીના ભાવમાં સરેરાશ ૩૦ ટકાનો વધારો નોંધાયો છે. ચાર દિવસના કમોસમી વરસાદથી પહેલા ખેડૂતોનું તો હવે ગૃહિણીઓનું રસોઈનું બજેટ ખોરવાઈ ગયું છે.

## કોઈપણ બહાને જીવન જરૂરી વસ્તુઓ મોંઘી કરાતી હોવાથી સરકારે ભાવ નિયંત્રિત કરવા દરમ્યાનગીરી કરવી જોઈએ

ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદથી પાપડી, વટાણા, ભીંડા સહિતની શાકભાજીની વાડીઓમાં પાણી ભરાતા ભારે નુકસાન થયું છે. દક્ષિણ ગુજરાતની જેમ જ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનો મહત્તમ ભાગ માવઠાનો શિકાર બનતા તુવેર, ગુવાર, ટામેટાના છોડ અને દૂધી, કાકડીના વેલાઓને ભારે નુકસાન થયું છે. સ્વાભાવિક રીતે આ નુકસાનની અસર બજારોમાં પણ જોવા મળવા લાગી છે. રાજયમાં પાકતા શાકભાજીના ભાવમાં ૨૦થી ૩૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. કમોસમી વરસાદના કારણે શાકભાજીમાં જીવાત પકડવાની શક્યતા રહેલી છે અને નાના છોડ અને વેલાઓ કોહવાઈ જાય તેવી શક્યતા રહેલી છે. હોલસેલ માર્કેટમાં ૩૦ રૂપિયાના ભાવે વહેંચાતા ટામેટા ૪૦ સુધી તો ૩૫ રૂપિયાના ભાવે વેચાતા રિંગણ, વટાણા, તુવેરના ભાવ વધીને ૪૫ સુધી પહોંચવાની શક્યતા છે. હાલમાં શાકભાજીના ભાવ શું છે તેના પર નજર કરીએ તો પાલક ૮૦, આદુ ૧૬૦, મેથી ૧૦૦, ટામેટા ૬૦થી ૭૦, રીંગણ ૮૦, ભીંડા ૮૦, કોબીઝ ૬૦, ગવાર ૧૦૦, ફ્લાવર ૬૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે.

તો બીજી તરફ સિંગતેલના ભાવમાં ૫૦ રૂપિયા સુધીનો વધારો થયો છે. મગફળીનો પાક તો અગાઉ તૈયાર થઈ ગયો છે અને અંદાજીત ૪૦ લાખ ટન પાકનો અંદાજ સરકારે જાહેર કર્યો છે. ૨૦ તારીખે સિંગતેલનો ભાવ૨૬૩૫-૨૬૮૫ની નીચી સપાટી સુધી પહોંચ્યો હતો. પરંતુ ૨૬ તારીખ મહત્તમ ભાવ ૨૭૩૫ સુધી પહોચ્યો પરંતુ હાલ ભાવ ૨૭૩૫-૨૭૮૫નો રહ્યો હતો. જો કે કપાસિયા તેલના ભાવ હાલ સ્થિર જોવા મળી રહ્યા છે.

તહેવારો બાદ પણ સોનાના ભાવમાં વધારો યથાવત છે.અમદાવાદમાં પ્રતિ દસ ગ્રામ સોનાનો ભાવ ૬૪ હજાર ઉપર પહોચ્યો હતો. નવા સપ્તાહના પ્રથમ દિવસે જ અમદાવાદમાગોલ્ડના ભાવમાં ૫૦૦ રૂપિયાનો ઉછાળો આવ્યો હતો. વૈશ્વિક બજારમાં છ મહિનાની ટોચ તથા સ્થાનિકમાં ડોલર સામે રૂપિયામાં નરમાઈએ કારણે સોનાના ભાવમાં વધારો થયો હતો. નવા વર્ષની શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં ગોલ્ડના ભાવમાં એક હજાર ૨૦૦નો વધારો જોવા મળ્યો છે.

# ગુજરાત રિન્યુએબલ એનર્જી, સેમિકન્ડક્ટર જેવા ફ્યુચરિસ્ટિક ક્ષેત્રોનું હબ બનવા સજ્જ

ગાંધીનગર, તા.૧

વાયબ્રન્ટ ગુજરાત સમિટ અંતર્ગત જાપાન તથા સિંગાપોરના પ્રવાસે ગયેલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાપાન પ્રવાસ દરમ્યાન વિવિધ કંપનીઓના પદાધિકારીઓ સાથે વન-ટુ-વન મીટિંગ્સની શ્રૃંખલા કરી હતી. આ શ્રૃંખલામાં મુખ્યમંત્રીએ ટેપ્કો રિન્યુએબલ એન્ડ પાવર કંપનીના પ્રેસિડન્ટ માસાશી નેગસાવા, મેનેજિંગ ડિરેક્ટર્સ હિરોયુકી નિશાયામા અને માસાકી હોન્ડા સહિતના પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી, જેમાં મુખ્યમંત્રીએ કહ્યું હતુ કે, વડાપ્રધાને દેશમાં ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ રીન્યુએબલ ઊર્જા ક્ષમતા સ્થાપિત કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

આ લક્ષ્યમાં ગુજરાત અગ્રેસરતાથી યોગદાન આપવા સજ્જ છે. રાજ્યની રિન્યુએબલ એનર્જી ક્ષમતા દેશની કુલ ક્ષમતાના ૧૫.૫% જેટલી છે. રાજ્ય સરકારે ગ્રીન હાઈડ્રોજન મિશન હેઠળ ૧૦૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક પણનક્કી કર્યુ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓત્સુકા ઈન્ટરનેશનલ કંપનીના વાઈસ પ્રેસિડન્ટ યોસુકે ફુકાસે સહિતના પદાધિકારીઓ સાથે બેઠક યોજી ચર્ચા કરી હતી, જેમાં લાંબા સમયથી ગુજરાતમાં કાર્યરત ઓત્સુકા ઈન્ટરનેશનલ કંપનીના નવા પ્રોજેક્ટ્સ વિશે વાત કરી હતી અનો કંપનીનાપ્રોડક્ટ ઈનોવેશનની સરાહના પણ કરી હતી. આ સાથે મુખ્યમંત્રીએ ગુજરાતમાં તૈયાર થઈ રહેલા બલ્ક ડ્રગ પાર્ક અને મેડિકલ ડિવાઈસ પાર્ક વિશે પણ વિગતો આપી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મારૂબેની કોર્પોરેશનનાર સિનિયર ઓપરેટિંગ ઓફિસરના ઓશી હિરોશે અને જી.એમ. ડિયાગો ઓદાવારા સહિતના પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી, જેમાં કંપનીના ભારતમાં સ્થિત ઓપરેશન્સનો પણ ઉલ્લેખ થયો હતો. મુખ્યમંત્રીએ કંપનીને ગુજરાતમાં ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે રોકાણ માટે આમંત્રણ આપ્યું હતું અને રાજ્ય સરકાર જરૂરી સહયોગની તત્પરતા દર્શાવી હતી. મુખ્યમંત્રીએ રિન્યુએબલ એનર્જી સહિતના ક્ષેત્રોમાં ગુજરાતમાં રહેલા અપાર અવસરોનો લાભ લેવા આ ઉદ્યોગગૃહોને આમંત્રણ આપ્યું હતું. આ બેઠકમાં સેમિકન્ડકટર્સ, બેટરી મેન્યુફેક્ચરિંગ જેવા નવા ઊભરતાં ક્ષેત્રો માટે ગુજરાતમાં અદ્યતન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક તૈયાર થઈ રહ્યા છે, તે વિશેપણ ચર્ચા હાથ ધરાઈ હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મિત્સુઈ ઓએસકે લાઈન્સના મેનેજિંગ એક્ઝિક્યુટિવ ઓફિસર અજય વિક્રમસિંહ સહિતના પદાધિકારીઓ સાથે મીટિંગ કરી હતી. ગુજરાતના ગિફ્ટ સિટીમાં કંપનીના એસેટ લીઝિંગ માટેનું કેન્દ્ર સ્થાપવાની ચર્ચા હાથ ધરાઈ હતી. મુખ્યમંત્રીએ અલગ-અલગ ક્ષેત્રો માટે ગુજરાતમાં રહેલી તકોનો લાભ કંપની લઈ શકે છે, તેમ જણાવી કંપનીના ભવિષ્યના આયોજનો માટે મહત્ત્વના કેન્દ્ર તરીકે ગુજરાત ઉત્તમ સ્થળ બની શકે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએડીઆઈએસસીઓ કોર્પોરેશનના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડન્ટ નોબોરૂ યોશીનાગા સાથે ચર્ચા કરી હતી. તેમણે મુખ્યમંત્રીને વિવિધ દેશોમાં ચાલી રહેલા કંપનીના સેમિકન્ડકટર સેકટર્સના પ્રોજેક્ટ્સ અંગે દાખવ્યો હતો અને જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રીએ એર વોટર આઈએનસીના ડિરેક્ટર શિગેકી ઓત્સુકા તથા અન્ય પદાધિકારીઓ સાથે મુલાકાત કરી હતી, જેમાં ગુજરાત સરકાર સાથે કામ કરવા માટે ઉત્સુકતા પણ દર્શાવી હતી. મુખ્યમંત્રીએ ફેનુક ગ્લોબલના પ્રેસિડન્ટ એન્ડ સીઈઓ યુકી કિતા સાથે પણ બેઠક કરી હતી. પદાધિકારીઓએ મુખ્યમંત્રી તથા ડેલિગશન સમક્ષ ઈન્ડસ્ટ્રીયલ ઓટોમેશન ક્ષેત્રે કંપનીની પ્રવૃત્તિઓ દર્શાવતું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. માહિતી આપી હતી. ધોલેરામાં કંપનીના સંભવિત પ્લાન્ટની સ્થાપના માટે પણ તેમણે રસદાખવ્યો હતો અને જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રીએ એર વોટર આઈએનસીના ડિરેક્ટર શિગેકી ઓત્સુકા તથા અન્ય પદાધિકારીઓ સાથે મુલાકાત કરી હતી, જેમાં ગુજરાત સરકાર સાથે કામ કરવા માટે ઉત્સુકતા પણ દર્શાવી હતી. મુખ્યમંત્રીએ ફેનુક ગ્લોબલના પ્રેસિડન્ટ એન્ડ સીઈઓ યુકી કિતા સાથે પણ બેઠક કરી હતી. પદાધિકારીઓએ મુખ્યમંત્રી તથા ડેલિગશન સમક્ષ ઈન્ડસ્ટ્રીયલ ઓટોમેશન ક્ષેત્રે કંપનીની પ્રવૃત્તિઓ દર્શાવતું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

# ડોક્ટરો જેવી સચોટ નોંધ તૈયાર કરવા ChatGPT જેવું એક નવું AI ટૂલ વિકસાવવામાં આવ્યું: અભ્યાસ

ન્યૂયોર્ક, તા.૧

હાલમાં જ એક નવો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) કોમ્પ્યુટર પ્રોગ્રામ વિકસાવવામાં આવ્યો છે જે ડોકટરોની નોંધો એટલી સારી રીતે જનરેટ કરી શકે છે કે, ચિકિત્સકો તેની વચ્ચે તફાવત ઓળખી શકતા નથી. એક અભ્યાસ મુજબ, તે ટૂંક સમયમાં AI માટે ગ્રાઉન્ડબ્રેકિંગ કાર્યક્ષમતા સાથે આરોગ્ય સંભાળ કાર્યકરોને સમર્થન આપી શકે છે. આ પ્રૂફ-ઓફકન્સેપ્ટ અભ્યાસમાં, ચિકિત્સકોએ દર્દીની નોંધોની સમીક્ષા કરી હતી. તે પૈકી કેટલીક વાસ્તવિક તબીબી ડોકટરો દ્વારા લખવામાં આવી હતી જ્યારે અન્ય નવા AI પ્રોગ્રામ દ્વારા બનાવવામાં આવી હતી અને ચિકિત્સકોએ માત્ર ૪૯ ટકા સાચા લેખકની ઓળખ કરી શકયા હતા. NVIDIA અને ફ્લોરિડા યુનિવર્સિટીના ૧૯ સંશોધકોની ટીમે સુપર કોમ્પ્યુટરને નવા મોડલ, GatorTronGPT, કે જે ChatGPTની જેમ જ કાર્ય કરે છે તેના આધારે તબીબી રેકોર્ડ બનાવવા માટે તાલીમ આપી હતી. ગેટરટ્રોન મોડલ્સના ફ્રી વર્ઝનમાં હગિંગ ફેસ, ઓપન સોર્સ AI વેબસાઈટ ઉપરથી ૪,૩૦,૦૦૦થી વધુ ડાઉનલોડ્સ કરવામાં આવ્યા છે. યુનિવર્સિટી ઓફ ફ્લોરિડાના આરોગ્ય પરિણામો અને બાયોમેડિકલ ઈન્ફોર્મેટિક્સ વિભાગના અગ્રણી લેખક યોંગહુઈ વુના જણાવ્યા અનુસાર, ગેટરટ્રોન મોડલ્સ એ સાઈટનું એકમાત્ર મોડેલ છે જે ક્લિનિકલ સંશોધન માટે ઉપલબ્ધ છે. આરોગ્ય સંભાળમાં, દરેક વ્યક્તિ આ મોડેલો વિશે વાત કરે છે. GatorTron અને GatorTronGPTએઅનન્ય AI મોડલ છે જે તબીબી સંશોધન અને આરોગ્ય સંભાળના ઘણા પાસાઓને નવું પરિમાણ આપી શકે છે. તેમ છતાં, તેમને બિલ્ડ કરવા માટે વિશાળ ડેટા અને વ્યાપક કમ્પ્યુટિંગ પાવરની જરૂર છે. આરોગ્ય સંભાળમાં AIની સંભવિતતા અન્વેષણ કરવા NVIDIA તરફથી આ સુપર કોમ્પ્યુટર, HiPerGator મેળવવા બદલ અમે આભારી છીએ. એનપીજે ડિજિટલ મેડિસિન જર્નલમાં પ્રકાશિત થયેલા આ સંશોધન માટે, આ ટીમે એક વિશાળ ભાષા મોડેલ વિકસાવ્યું છે જે કમ્પ્યુટરને કુદરતી માનવ ભાષાની નકલ કરવાની મંજૂરી આપે છે. આ મોડેલો પ્રમાણભૂત લેખન અથવા વાર્તાલાપ માટે સારી રીતે કાર્ય કરે છે, પરંતુ તબીબી રેકોર્ડ માટે વધારાના અવરોધો છે, જેમ કે દર્દીઓની ગોપનીયતાને સુરક્ષિત રાખવાની જરૂરિયાત અને ઉચ્ચ તકનીકી સેવા. ડિજિટલ મેડિકલ રેકોર્ડ Google કરી શકાતા નથી અથવા વિકિપીડિયા ઉપર શેર કરી શકાતા નથી. આ અવરોધોને દૂર કરવા માટે, સંશોધકોએ ૮૨ બિલિયન ઉપયોગી તબીબી શબ્દો સાથે બે મિલિયન દર્દીઓના આરોગ્ય તબીબી રેકોર્ડનો ઉપયોગ કર્યો હતો. આ સેટને ૧૯૫ બિલિયન શબ્દોના અન્ય ડેટાસેટ સાથે જોડીને, તેઓએ GPT3 આર્કિટેક્ચર અથવા જનરેટિવ પ્રી-ટ્રેન્ડ ટ્રાન્સફોર્મર, ન્યુરલ નેટવર્ક આર્કિટેક્ચરના સ્વરૂપ સાથે મેડિકલ ડેટાનું વિશ્લેષણ કરવા માટે GatorTronGPT મોડલને તાલીમ આપી હતી. માનવ લેખનની સમાનતા સુધી પહોંચવા માટે AI ટૂલ માટે, પ્રોગ્રામરો અબજો શબ્દોના આધારે ક્લિનિકલ શબ્દભંડોળ અને ભાષાના ઉપયોગ સાથે સુપરકોમ્પ્યુટર પ્રોગ્રામિંગ કરવાના પ્રયાસો કરી રહ્યા છે.

# ઊંચા ડોઝવાળી કોવિડ સારવાર યુરોપ કરતાં ભારતમાં ઓછી અસરકારક : લેન્સેટ અભ્યાસ

નવી દિલ્હી, તા.૧

ધી લેન્સેટ રિજનલ હેલ્થ સાઉથઈસ્ટ એશિયા જર્નલમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ અનુસાર, યુરોપના દર્દીઓની તુલનામાં ભારતમાં કોવિડ-૧૯ના દર્દીઓ માટે સ્ટેરોઈડ દવા, ડેક્સામેથાસોનનો વધુ ડોઝ ઓછો ફાયદાકારક હોઈ શકે છે. અભ્યાસમાં જોવામાં આવ્યું કે, ડેક્સામેથાસોનની મજબૂત માત્રા કોવિડ-૧૯ દર્દીઓ માટે કેટલી સારી રીતે કામ કરે છે. તે દર્દીના તફાવતો અને આરોગ્ય પ્રણાલી જેવા પરિબળોને ધ્યાનમાં લે છે. કોપનહેગન યુનિવર્સિટી હોસ્પિટલ- રિગશોસ્પીટાલેટ, ડેનમાર્કના સંશોધકો સહિતની ટીમે શોધી કાઢ્યું છે કે, ભારતમાં કોવિડ-૧૯ દર્દીઓ માટે ડેકસામેથાસોન (૧૨ મિલિગ્રામ)ની સામાન્ય માત્રા (૬ મિલિગ્રામ) જેટલી સારી નથી. તેઓએ જણાવ્યું હતુ કે, આ સર્વાઈવલ રેટ દ્વારા જોવામાં આવ્યું હતું અને ૯૦ અને ૧૮૦ દિવસ પછી લોકો કેટલું સારૂં કરી રહ્યા હતા. અભ્યાસના લેખકોએ નોંધ્યું હતું કે, અમારૂં વિશ્લેષણ સૂચવે છે કે, યુરોપના દર્દીઓની તુલનામાં ભારતમાં ડેકસામેથાસોનનો વધુ ડોઝ લેવાથી ઓછી ફાયદાકારક અસરો થઈ શકે છે; જો કે, પુરાવા નબળા છે અને આ એક તક શોધવાનું પ્રતિનિધિત્વ કરી શકે છે. સંશોધકોએ સલામતી ઉપર પણ ધ્યાન આપ્યું, ભારતીય દર્દીઓ માટે કોઈ મોટી સમસ્યા ન મળી. અભ્યાસ એ વાત ઉપર ભાર મૂકે છે કે, દર્દીઓ ક્યાંથી છે તે અસર કરી શકે છે કે, સારવાર કેટલી સારી રીતે કાર્ય કરે છે. તેણે ધ્યાન દોર્યું હતું કે, ભારત જેવા નિમ્ન-મધ્યમ-આવકવાળા દેશોમાં એવા અનોખા પડકારો છે જેના કારણે સારવાર પણ કામ ન કરી શકે. સંશોધકોએ જણાવ્યું હતું કે, જો કે, સારા સમાચાર એ છે કે, મોટી માત્રા ભારતીય દર્દીઓ માટે વધુ સમસ્યાઓનું કારણ નથી, જે તેમની સલામતી માટે મહત્ત્વપૂર્ણ છે. તેઓએ કહ્યું કે, આ માત્ર એક અભ્યાસ છે અને તારણોની ખાતરી કરવા માટે વધુ સંશોધનની જરૂર છે. અભ્યાસ અમને એ પણ યાદ અપાવે છે કે, સંશોધકોના જણાવ્યા અનુસાર વિશ્વના વિવિધ ભાગોમાં સારવાર અલગ રીતે કામ કરી શકે છે. આ ટીમમાં એપોલો હોસ્પિટલ્સ, ચેન્નાઈ, હોમી ભાભા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ, મુંબઈ, જ્યોર્જ ઈન્સ્ટિટ્યૂટ ફોર ગ્લોબલ હેલ્થ, નવી દિલ્હી અને યુનિવર્સિટી ઓફ ન્યૂ સાઉથ વેલ્સ, ઓસ્ટ્રેલિયાના સંશોધકોનો પણ સમાવેશ થાય છે.

# ચીનની રહસ્મય બીમારી ભારતમાં આવે એવું લાગતું નથી; લોકોએ ડરવાની જરૂર નથી

ગાંધીનગર,તા.૧

રાજયમાં કમોસમી માવઠાએ ખેડૂતોના પાકને ભારે નુકસાન પહોંચાડતા સરકારી તંત્ર એકશન મોડમાં આવી ગયેલ છે. આ અંગે આરોગ્ય મંત્રીએ રાજયમાં પાકનુકસાની અંગે સર્વે શરૂ કરી દેવામાં આવ્યો હોવાનું જણાવી સર્વે બાદ તરત જ સહાય ચુકવવામાં આવશે. તેવી જાહેરાત કરી હતી. જયારે ચીનમાં બહાર આવેલ રહસ્યમય બીમારીની વિશ્વભરમાં ચિંતા સાથે ચર્ચા થઈ રહી છે ત્યારે તેને લઈને રાજયના નાગરિકોને ડરવાની જરૂર નથી તેમ જણાવતા આરોગ્યમંત્રીએ કહ્યું છે કે ભારતમાં આ બીમારી આવે તેવું લાગતું નથી. ચીનમાં ઓકટોબરમાં જ એક રહસ્મય બીમારી ફેલાવા લાગી છે ભારે તાવ સાથે ફેફસા ફૂલાવી દેતી આ બીમારીને કારણે દરરોજ ૭૦૦૦ બાળક હોસ્પિટલે પહોંચી રહ્યા છે. આ રોગ ભારતમાં પ્રવેશે એ પહેલા આરોગ્ય વિભાગ દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે.

ચીનમાં ફેલાયેલી રહસ્ય બીમારી અંગે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે નિવેદન આપતા જણાવ્યું હતું કે આ એક ન્યુમોનિયા ટાઈપનો જ રોગ છે. ત્યાં પણ કોઈ મોત નોંધાયું નથી ભારતીય સરકાર પણ જાગૃત છે. કેન્દ્ર સરકારે ઘણા બધા દિશા-નિર્દેશ આપ્યા છે. ગુજરાત સરકાર આ બાબતે પુરી જાગૃત અને કેર લઈ રહી છેનાગરિકોને કોઈ ચિતા કે ડરવાની જરૂર નથી. કોવિડની અંદર આખું વિશ્વ હચમચી ગયું હતું. ત્યારે પણ આપણે સોથી વધુ વસ્તી ધરાવતા હોવા છતાં પણ એ આપતિમાંથી સૌથી પહેલા બહાર નીકળી શકયા હતા. આ આપતિ લગભગ ભારતમાં આવે એવું નથી લાગતુ પરંતુ આવે તો પણ એનો સામનો કરવા આપણે સજજ છીએ. પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી અનુસાર રાજયમાં તા.૨૬ તથા ૨૭મી નવેમ્બરના રોજ ૧ મી.મી. (મિલિમીટર)થી લઈને ૧૫૧ મી.મી. કમોસમી વરસાદ વરસ્યો છે. હવામાન ખાતા દ્વારા જારી થયેલી વરસાદની સચોટ આગાહીના પગલે ખેતીવાડી ખાતા દ્વારા અગાઉથી જ ખેડૂતોને ખેતરમાં કાપણી કરીને પડેલા પાક તથા માર્કેટિંગ યાર્ડોને જણસીઓના જતન તથા પલળે નહીં તેવી વ્યવસ્થા કરવા સૂચના અપાઈ તથા માર્કેટિંગ યાર્ડોને જણસીઓના જતન તથા પલળે નહીં તેવી વ્યવસ્થા કરવા સુચના અપાઈ હતી. જેના કારણે મોટા ભાગના પાકની નુકસાની બચાવી શકાઈ છે. મંત્રીએ કહ્યું હતું કે રાજયમાં ખરીફ પાકોનું આશરે ૮૬ લાખ હેકટરમાં વાવેતર થયેલુ હતું. જેમાં કપાસ, એરંડા, મુખ્યત્વે છે. જો કે મોટા ભાગના પાકની કાપણી પૂર્ણ થઈ ગઈ છે. હજુ રાજયમાં ૧૦થી ૧૫ લાખ હેકટરમાં કપાસનો પાક ઉભો હોવાનો અંદાજ છે. જેમાં મુખ્ય ફાલ વીણાઈ ગયો છે. જયારે છેલ્લો થોડો ફાલ વીણવાનો બાકી છે. કુલ મળીને અંદાજે ૨૦થી ૨૫ લાખ હેકટરમાં કપાસ, એરંડા, તુવેરના પાકનુ વાવેતર થયેલુ હતું. જો કે પાકની મુખ્ય કાપણી, વીણવાનું કામ પૂર્ણ થઈ ગયું હોવાથી માવઠાની નુકસાનીની શકયતા ઓછી છઆમ છતાં રાજયમાં ત્રણથી ચાર લાખ હેકટરમાં કપાસ, દીવલા, તુવેરના ઉભા પાકને અસર થયાનો પ્રાથમિક અંદાજ છે. મંત્રીએ કહ્યું હતું કે રાજયના મોટા ભાગના વિસ્તારોમાં વાતાવરણ ચોખ્ખું થવા લાગ્યું છે. કમોસમી વરસાદી વાદળાઓ દુર થવા લાગ્યા છે. કૃષિ ખાતા દ્વારા ખેતીવાડી વિભાગના અધિકારીઓને જિલ્લાવાર પાકની નુકસાનીનો સર્વે કરવા તથા આ કામગીરી વહેલાસર પૂર્ણ કરવા સુચના આપી છે. પાકમાં નુકસાનીનો અહેવાલ આવ્યા બાદ રાજય સરકાર દ્વારા એસડીઆરએફના ધોરણો મુજબ ખેડૂતોને માવઠાની આપદામાં સહાય ચૂકવાશે. છેલ્લા ૦૯ વર્ષમાં રાજય સરકારે અતિવૃષ્ટિ, માવઠા કે કુદરતી આપતિઓમાં ખેતી પાકને થયેલા નુકસાન સામે રાજયના ૮૯ લાખ ખેડૂત લાભાર્થીઓને એસડીઆરએફના નિયમો પ્રમાણે રૂા. ૭૭૭૭.૮ કરોડ ઉપરાંત રાજય ભંડોળમાંથી રૂા.૨૯૬૬.૯ કરોડ આમ કુલ રૂા.૧૦,૭૪૦ કરોડની સહાય ચુકવી હોવાનું જણાવાયું હતું

# રાજ્યની સ્કૂલોમાં દિવાળી વેકેશન પૂર્ણ : શાળા ધમધમતી થઈ

અમદાવાદ, તા.૧

રાજ્યની તમામ સ્કૂલોમાં બુધવારના રોજ દિવાળી વેકેશન પૂર્ણ થયું હોવાથી ગુરૂવારથી તમામ સ્કૂલો ફરી ધમધમતી થઈ છે. ૨૧ દિવસનું દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ હવે ૧૨૭ દિવસના બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. સત્રની શરૂઆત જ પ્રાથમિક સ્કૂલોના પરિણામ જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ૩૦ નવેમ્બરથી શરૂ થયેલું બીજુ શૈક્ષણિક સત્ર પાંચ મે સુધી ચાલશે. દિવાળી વેકેશન પૂર્ણ થવાના છેલ્લા દિવસે બજારમાં છેલ્લી ઘડીની ખરીદી માટે વાલીઓની દોડધામ જોવા મળી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની સ્કૂલોમાં ૯ નવેમ્બરથી દિવાળી વેકેશનનો પ્રારંભ થયો હતો. ૨૧ દિવસનું દિવાળી વેકેશન ૨૯ નવેમ્બર સુધી ચાલનાર હતું. આમ, ૨૯ નવેમ્બર બુધવારના રોજ દિવાળી વેકેશનનો છેલ્લો દિવસ હતો અને હવે ૩૦ નવેમ્બર ગુરૂવારના રોજથી રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો ફરી રાબેતા મુજબ ધમધમતી જોવા મળી રહી છે. સ્કૂલો શરૂ થવાની હોવાથી વાલીઓ છેલ્લા દિવસે બજારમાં સ્ટેશનરી, ડ્રેસ સહતિની સામગ્રી ખરીદવા માટે પહોંચી ગયા હતા. દિવાળી વેકેશન શરૂ થવાના થોડા દિવસ પહેલા એટલે કે ૪ નવેમ્બરના રોજ રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોમાં પ્રથમ સત્રાંત કસોટી પૂર્ણ થઈ હતી. જેથી હવે દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ સ્કૂલો દ્વારા પરિણામ જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ૩૦ નવેમ્બરથી શરૂ થનારૂ બીજુ શૈક્ષણિક સત્ર પાંચ મે સુધી ચાલશે, જેમાં કુલ ૧૨૭ દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે. ત્યારબાદ ૬ મેથી લઈને ૯ જૂન સુધી ૩૫ દિવસનું ઉનાળું વેકેશન પડશે. બીજા સત્રમાં ૧૨૭ દિવસનો અભ્યાસ કરાવવામાં આવનાર છે, જેમાં નવેમ્બર માસમાં ૧ દિવસ, ડિસેમ્બર માસમાં ૨૫ દિવસ, જાન્યુઆરી માસમાં ૨૬ દિવસ, ફેબ્રુઆરી માસમાં ૨૫ દિવસ, માર્ચ માસમાં ૨૩ દિવસ, એપ્રિલ માસમાં ૨૩ દિવસ અને મે માસમાં ૪ દિવસ અભ્યાસ કરાવવામાં આવશે. બીજા શૈક્ષણિક સત્રમાં સૌપ્રથમ પરીક્ષા ધો.૯થી ૧૨મા પ્રિલીમ- દ્વિતીય કસોટી લેવાશે. આ પરીક્ષા ૨૯ જાન્યુઆરીથી ૭ ફેબ્રુઆરી દરમ્યાન લેવામાં આવશે. ત્યારબાદ ધો.૯ના વિદ્યાર્થીઓ માટેની પ્રખરતા શોધ કસોટી ૯ ફેબ્રુઆરીના રોજ લેવામાં આવશે. ધો.૧૦ અને ૧૨ની બોર્ડના વિષયની શાળા કક્ષાએ લેવાની પરીક્ષા ૧૨ ફેબ્રુઆરીથી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન લેવાશે. જ્યારે ધો.૧૨ સાયન્સની પ્રાયોગીક પરીક્ષા ૧૯ ફેબ્રુઆરીથી ૨૭ ફેબ્રુઆરી દરમ્યાન લેવાશે. બોર્ડની પરીક્ષા ૧૧ માર્ચથી શરૂ કરવામાં આવશે. જ્યારે ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા ૮ એપ્રિલના રોજ લેવામાં આવશે.

# જૂનાગઢ મહાનગરપાલિકાની અર્બન હેલ્થ શાખા દ્વારા સીટી ટાસ્કફોર્સ ઈમ્યુનાઈઝેશનની મિટીંગ યોજાઈ

## આશાવર્કર બહેનોને આયુષ્યમાન ભારત ડીઝીટલ મિશનની તાલીમ અને માર્ગદર્શન અપાયું



જૂનાગઢ તા. ૧


શહેરીજનોની આરોગ્ય સુખાકારી માટે સરકારશ્રીની સુચના અનુસાર આરોગ્ય લક્ષી સુવિધાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તથા આરોગ્ય લક્ષી કામગીરી સમયસર સુદ્રઢપણે, સુવ્યવસ્થીત રીતે થાય તેવા શુભ આશયથી મહાનગરપાલીકા જૂનાગઢમાં તા.૨૮-૧૧-૨૦૨૩ ના રોજ આરોગ્ય અધિકારી ડો.ચંદ્રેશ વ્યાસના અધ્યક્ષ સ્થાને સીટી ટાસ્ક ફોર્સ ઈમ્યુનાઈઝેશનની મીટીંગ રાખવામાં આવેલ હતી. જેમાં WHO ના સીનીયર મેડિકલ ઓફીસર વિનયકુમાર શર્મા, આર.સી.એચ.ઓ ડો.પાંડે તેમજ તમામ મેડિકલ ઓફીસરો હાજર રહેલ હતા. જેમાં આગામી પલ્સ પોલીયો-૨૦૨૩ અંતર્ગત ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલીયોના ટીપાથી ૧૦૦% રક્ષીત કરવા બનાવેલ માઈક્રોપ્લાનની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. હાલમાં મીઝલ્સ (ઓરી) ના કેસમાં વધારો જોવા મળેલ છે જે અંગે કોઈપણને 1MR અને 2MR વેક્સીન લેવામાં છુટી ના જાય તે અંગે તમામ મેડીકલ ઓફીસરોને તેમના તાબા હેઠળના યુપીએચસીમાં આવતા તમામ વિસ્તારમાં સર્વે કરીને જે પણ બાળકો બાકી હોય ઉપરાંત માઈગ્રેટ થયેલ પરિવાર, મજુર વર્ગ ઈંટના ભઠ્ઠા અને કંન્સ્ટ્રકશન સાઈટ વગરે આવરીને બાળકોની લીસ્ટ બનાવી તેમને 1MR અને 2MR વેક્સીન આપવા અંગે જણાવેલ છે. જેથી આઉંટબ્રેક જેવી પરીસ્થિતિ ના સર્જાય. જે પણ વિસ્તારમાં મીઝલ્સ (ઓરી)ના કેસ જોવા મળેલ તે વિસ્તારમાં સર્વે કરાવીને વધુમાં વધુ સેમ્પલ મળી રહે તે અંગે આયોજન કરવું જેથી કેસને વેહલી તકે ડીટેકટ કરી શકાય તેમજ તમામ પ્રાઈવેટ હોસ્પિટલ OPD યુપીએચસીમાં આવતા શંકાસ્પદ દર્દીઓને નોટીફાઈ કરવા અંગે ભાર મુકવામાં આવેલ Measles સર્વે દરમ્યાનના જે શંકાસ્પદ કેસો અને ડાયગ્નોસ કેસો મળે છે તેમને વિટામીન A-ના ૨ (બે) ડોઝ ૨૪ કલાકના અંતરગાળામાં ગાઈડલાઈન મુજબ આપવા સુચના આપવામાં આવેલ છે. એજ્યુકેશન ડીપાર્ટમેન્ટને પ્રાઈમરી તેમજ સેકેન્ડરી સ્કૂલોમાં ફિવર વિથ રેસના કેસોમાં આરટીમને જાણ કરવા તેમજ નજીકના આરોગ્ય કેન્દ્રની મુલાકાત કે.એસ.બી. RBSK આ અંગે તાત્કાલિક ધોરણે લગત લેવા અંગે સૂચન કરેલ ટીમને જાણ કરવા અંગે સુચના આપેલ. AFPકેસ યુપીએચસી તેમજ સિવિલ હોસ્પિટલમાંથી રીફર થાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ કોઈપણ કેસ મીસ ના થાય Paediatrician સાથે સીસ્ટમ ડેવલપ કરવા અંગે જણાવવામાં આવેલ છે. તેમજ તા-૩૦-૧૧-૨૦૨૩ના રોજ આરોગ્ય અધિકારી ડો.ચંદ્રેશ વ્યાસના અધ્યક્ષસ્થાને (ABDM) આયુષ્યમાન ભારત ડીઝીટલ મિશનની તાલીમ રાખવામાં આવેલ હતી. જેમાં સ્ટેટ ટીમના જોઈન્ટ ડાયરેકટર ભૃગુરાજ ત્રિવેદી તથા તેમની ટીમ હાજર રહેલ હતી. જેમાં તમામ આશા બહેનોને પોતાના બાળકોનું ૧૦૦% રસીકરણ થાય તેમજ આભા કાર્ડ જનરેશનની કામગીરી ૧૦૦% થાય તે માટે વિગતે ચર્ચા તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સાથે સાથે ટીમ દ્વારા સવારે વિકસીત ભારત સંકલ્પ યાત્રામાં મળેલ જનમેદની, આરોગ્ય સ્ટાફ તેમજ આંગણવાડીના તમામ સ્ટાફને પણ ABDM આયુષ્યમાન ભારત ડીઝીટલ મિશનની સંપૂર્ણ માહીતી આપવામાં આવેલ હતી. અને સરકારશ્રીની આવી મહત્વની કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા મ.ન.પા.જૂનાગઢના આરોગ્ય અધિકારી ડો.ચંદ્રેશ વ્યાસે જાહેર જનતાને અનુરોધ કરેલ છે.

# આજે શ્રી સોમનાથ સંકલ્પ સિધ્ધી દિનની ઉજવણી

## ૧૯૯૫ની ૧ લી ડીસેમ્બરે સોમનાથ મંદિર તત્કાલીન રાષ્ટ્રપતિ શંકરદયાળ શર્માના વરદ્હસ્તે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું





વેરાવળ તા. ૧

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરના તત્કાલીન અધ્યક્ષ મોરારજી દેસાઈ જયારે ભારતના વડાપ્રધાન હતા ત્યારે તેમના નિવાસસ્થાને દિલ્હીમાં મળેલી બેઠકમાં સોમનાથ મંદિરના સભા મંડપ આગળ નૃત્ય મંડપ બાંધવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે કાર્ય પુર્ણ થતા નૃત્ય મંડપ ઉપર ૧ ડીસેમ્બર ૧૯૯૫ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ શંકરદયાળ શર્માએ કળશ આરોપણ કરી સોમનાથ મંદિર રાષ્ટ્રને અર્પણ કર્યુ હતું. જેના અનુસંધાને સોમનાથ ટ્રસ્ટ દ્વારા આજ તા. ૧ ડીસેમ્બરે વિશેષ મહાપૂજા અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. શિલ્પ શાસ્ત્ર દ્રષ્ટીએ નાગર શૈલીમાં બંધાયેલ આ મંદિરમાં ગર્ભગૃહ, અંતરાલ, પ્રદક્ષિણાપથ, સભા મંડપ, નૃત્ય મંડપ અને સાત માળવાળું ૧૫૫ ફુટ ઉંચું શિખર છે. તેના ઉપર ૩૧ ફુટ ઉંચો ધ્વજ દંડ છે. અને પુનઃ નિર્મિત આ મંદીર કૈલાસ મહામેરૂ પ્રાસાદ તરીકે ઓળખવામાં આવે છે. નાગર શૈલીમાં બંધાયેલો આવો પ્રાસાદ છેલ્લા ૮૦૦ વર્ષ પછી ભારતમાં પહેલીવાર બંધાયેલો છે. જે આ મંદિરની વિશેષતા છે. સોમનાથના વર્તમાન મંદિરની ઉંચાઈ ભૂમિતળથી શિખર સુધી ૧૫૫ ફુટ છે અને મખ્ય શિખર ઉપર કળશ ૧૦ ટન વજનનો છે.

# ગિરનારની પરિક્રમા બાદ રૂટ ઉપર વન વિભાગ દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું





જૂનાગઢ, તા. ૧

ગિરનારની લીલી પરિક્રમામાં લાખો યાત્રિકો આવતા રૂટ ઉપર વિવિધ જગ્યાએ એકત્ર થયેલ પ્લાસ્ટિક સહિતનો કચરો એકત્ર કરી ગિરનાર આસપાસના વિસ્તારને સ્વચ્છ કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અભિયાન હાથ ધરાયું છે. ગિરનારની ૩૬ કિલોમીટર ની પરિક્રમા ના રૂટ પર પ્લાસ્ટિક સહિત કચરો એકત્ર કરી બહાર ડમ્પીંગ કરવાની કામગીરી ચાલી રહી છે.

જૂનાગઢ વન વિભાગ, જૂનાગઢ તળેના ગિરનાર અભયારણ્ય જંગલ વિસ્તારમાં ચાલુ વર્ષે ગિરનાર લીલી પરિક્રમા-૨૦૨૩ અંતર્ગત પરિક્રમામાં આવેલ શ્રધ્ધાળુઓ દ્વારા પરિક્રમા રૂટના જંગલ વિસ્તારમાં ફેંકવામાં આવેલ પ્લાસ્ટિક તથા કચરાના નિકાલ માટે નાયબ વન સંરક્ષકશ્રી, જૂનાગઢ વન વિભાગ, જૂનાગઢની સુચના અને માર્ગદર્શન હેઠળ પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, ડુંગર ઉત્તર પરીક્ષેત્ર, જૂનાગઢએ તેમના કાર્યવિસ્તારમાં આવતા પરિક્રમા રૂટ ઝીણા બાવાની મઢીથી માળવેલા ઘોડી વિસ્તારમાં રાજય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર ચોકી (સોરઠ) ના ૨૮૦ તાલીમાર્થીઓ અને વન વિભાગના સ્ટાફ દ્વારા અલગ-અલગ ટુકડીઓ બનાવી ગિરનાર જંગલ વિસ્તારમાંથી અંદાજિત ૧.૫ ટન, જાંબુડી રાઉન્ડ વિસ્તારમાં વન વિભાગના મજુરો તથા આસપાસના ગામના ૧૨૨ લોકો સાથે અલગ-અલગ ટુકડીઓમાં અંદાજિત ૧૭ ટન, પાટવડ રાઉન્ડ વિસ્તારમાં વન વિભાગના સ્ટાફ અને કરિયા ગામના ૨૧ ગ્રામજનો દ્વારા અંદાજિત ૧ ટન જેટલો કચરો એકઠો કરવામાં આવેલ છે. તેમજ પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, ડુંગર ઉત્તર પરીક્ષેત્ર, જૂનાગઢએ તેમના કાર્યવિસ્તારમાં આવતા પરિક્રમા રૂટના બોરદેવી ખાતે આજ રોજ રાજય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર ચોકી (સોરઠ) ના ૧૫૦ તાલીમાર્થીઓ અને વન વિભાગના સ્ટાફ દ્વારા અલગ-અલગ ૧૨૧ ટુકડીઓમાં ગિરનાર જંગલ વિસ્તારમાંથી પ્લાસ્ટિક તથા કચરો એકઠો કરવાની કામગીરી ચાલુ છે.

આમ, વન વિભાગના સ્ટાફ, પોલીસ તાલીમાર્થીઓ, આસપાસના ગામ લોકો સાથે મળી અંદાજિત ૧૯.૫ ટન જેટલો પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. ગિરનાર સ્વચ્છ અભિયાનની કામગીરીનું સંકલન જુનાગઢ વન વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે. નાયબ વન સંરક્ષક અક્ષય જોશી એ જણાવ્યું હતું કે જ્યાં સુધી સમગ્ર રૂટ સ્વચ્છ નહીં થાય ત્યાં સુધી આ કામગીરી સંસ્થાઓના સહયોગથી ચાલુ રહેશે.

કલેકટર અનિલ કુમાર રાણાવસિયા એ જણાવ્યું હતું કે ગિરનારમાં ખાસ કરીને રૂટ ઉપર વિવિધ જગ્યાએ સ્વચ્છતા અભિયાન ચાલુ છે. કલેકટર તેમજ વન વિભાગના અધિકારીઓ આ ઉપરાંત સાધુ સંતો અને સંસ્થાઓના પ્રતિનિધિ હોઈએ ગઈકાલે રૂટની મુલાકાત લીધી હતી અને પ્રતિકાત્મક રીતે સફાઈ અભિયાન કરી સ્વચ્છતા નું કાર્ય કરી રહેલા સ્વયંસેવકો અને કર્મચારીઓને પ્રોત્સાહન આપી બીરદાવ્યા હતા. ગિરનારના પરિક્રમાના રૂટને સ્વચ્છ કરવાનું કાર્ય તબક્કા વાર થઈ રહ્યું છે રૂટ પર વન્ય પ્રાણીઓની પણ અવર-જવર રહેતી હોય જરૂરી તકેદારી રાખીને વન વિભાગની દેખરેખ હેઠળ આ કાર્ય ચાલી રહ્યું છે.

# વેરાવળ ઈન્ડીયન મેડીકલ એસો.ના હોદેદારોની નિમણૂંક કરવામાં આવી




(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા. ૧

તાજેતરમાં ઈન્ડીયન મેડિકલ એસોસિએશન વેરાવળ બ્રાન્ચની સામાન્ય સભા મળી હતી. જેમાં સંસ્થાના નવા હોદેદારોની નિમણૂંક કરવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેના અંતે વેરાવળ ઈન્ડીયન મેડિકલ એસો.ના પ્રમુખ તરીકે ડો.બિનાબેન ચૌહાણ અને સેક્રેટરી તરીકે ડો. રવીભાઈ શામળાની નિમણૂંક કરવામાં આવી હતી. આ નિમણૂંકને સંસ્થાના તમામ તબીબ સભ્યોએ આવકારી શુભેચ્છા પાઠવી હતી.

# મત્સ્યઉદ્યોગના કચરામાંથી વેસ્ટ ટુ વેલ્થ રીસાઈકલ તકનીક થકી માછલી અને જીંગા માટે સસ્તો, ટકાઉ ઈકોફ્રેન્ડલી ઓર્ગેનિક ખોરાક બનાવ્યો

## આ સંશોધન માછીમાર સમાજ અને ફિશરીઝ પ્રવૃત્તિમાં ઉદભવતી સમસ્યાના સમાધાન માટે ખૂબ જ મહત્વનું સાબિત થશે

## વેરાવળ ફિશરીઝ કોલેજના ડીન અને પ્રોફેસરના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીએ કર્યુ અનોખું સંશોધન

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧





મત્સ્યોદ્યોગનું હબ ગણાતા વેરાવળમાં ૧૧૫ કરતા પણ વધારે માછલીના પ્રોસેસિંગ પ્લાન્ટ કાર્યરત છે. અહીંથી દર વર્ષે દેશના અનેક રાજ્યો અને વિદેશના અનેક દેશોમાં લાખો ટન માછલીની નિકાસ થાય છે. જેના થકી દેશને કરોડો રૂપીયાનું વિદેશી હુંડિયામળ પ્રાપ્ત થવાની સાથે લાખો લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોજગારી મળે છે. ત્યારે હાલ આ મત્સ્યદ્યોગ બહુ જ મોટી સમસ્યામાંથી પસાર થઈ રહ્યો છે. જેમ કે સી-ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીમાંથી ઉત્પન્ન થતો ૬૦% જેટલો મત્સ્ય કચરો કે જે પર્યાવરણ માટે ખૂબ જ હાનિકારક છે. આ ઉપરાંત જીંગા ઉછેર માટે વપરાતા ખોરાકનો ખર્ચ કુલ ખર્ચના ૫૦% આસપાસ થાય છે જે નફા અને નુકશાનમાં અગત્યનો ભાગ ભજવે છે. હાલના દિવસોમાં આ ખોરાકનો ભાવ ખુબ વધી રહ્યો હોય જે જીંગા ઉછેર કરતા સાગર ખેડૂઓને વ્યવસાય ટકાવી રાખવા સામે વિકટ પરિસ્થિતિ ઉભી કરી રહ્યો છે.

ત્યારે આ બંને સમસ્યાના સમાધાન માટે કામધેનુ યુનવર્સિટી અંતર્ગત આવતી વેરાવળ ફિશરીઝ કોલેજના વડા ડો. એસ.આઈ. યુસુફઝાઈ અને ડો.પ્રફુલ ટાંકના માર્ગદર્શન હેઠળ MFSc અનુસ્તાનકના વિદ્યાર્થી જયેશ ડી. દેવળીયાએ ફિશરીઝ ઉદ્યોગમાંથી ઉત્તપન્ન થતા મત્સ્યકચરાને હાઈડ્રોલાયસેટ પ્રકિયા થકી સી-ફૂડ પ્રોસેસિંગ વેસ્ટ હાઈડ્રોલાયસેટ નામનો ખોરાક એક લાંબા સંશોધન બાદ તૈયાર કરેલ છે. આ ખોરાક પોષણયુકત, પર્યાવરણને ટકાઉ, પાચનયુક્ત એકદમ સસ્તા દરે વેસ્ટ ટુ વેલ્થ કોન્સેપ્ટ દ્વારા બનાવેલ છે. જેમાં પી. વન્નામિ જીંગાનો ખૂબ જ સારો વિકાસ અને FCR જોવા મળેલ છે. આ સંશોધનએ રાજય સરકારની ઉદ્યોગ સાહસિકતા માટેના સ્ટાર્ટઅપ પ્રોગ્રામના બધા જ સ્ટેપ સફળતા પૂર્વક પાર પાડેલ છે. વધુમાં આ સંશોધન પર્યાવરણ, મત્સ્યદ્યોગ અને જીંગાની ખેતી માટેના ટકાઉ વિકાસ માટે ખૂબ જરૂરી આશારૂપ પરીણામો સફળતાપૂર્વક પાર પાડ્યા છે. આ નવીન અભિગમ સાથેના સંશોધન થકી એકવાકલ્ચર ખેડૂતોને સસ્તી કિંમતે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ખોરાક પૂરો પાડશે સાથે જળચર ઉછેરની પદ્ધતિઓમાં ક્રાંતિ લાવી દેશના માછીમારો અને દેશને આર્થિક રીતે સમૃદ્ધ બનાવશે. આ સંશોધનને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં ફિશરીઝ કોલેજના ડો. કે.એચ.વાઢેર, ડો.એન.એચ. જોષી, ડો. કે. વી. ટાંક, ધવલ જુંગી, ડો. એચ. વી. પરમાર, ડો.પી.વી.પરમાર, ડો.ભરત ચુડાસમા, ડો.જીતેશ સોલંકી, વિશાલ સોલંકી, રાજેશ ચુડાસમા, ગૌતમ ભોળા, નયન ઝાલા, જયેશ મેર, હર્ષદ સોલંકી, આસિફ ભાદરકા વગેરેનો માર્ગદર્શન અને સહકાર મળ્યો છે.

# વેરાવળમાં સિનિયર સિટીઝન મંડળનું સ્નેહમિલન યોજાયું

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા. ૧

વેરાવળ સિનિયર સિટીઝન મંડળનું સંવત ૨૦૮૦ નું સ્નેહમિલન સ્વામી શાંતિપ્રકાશ હોલમાં યોજાયું હતું. જેમાં સંસ્થાના પ્રમુખ શ્યામભાઈ નાથાણી તથા અન્ય હોદેદારોએ તમામ સદસ્યોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. જીતુભાઈ મહેતા, શૈલેષભાઈ શેઠ, યોગેશભાઈ રાવલે સદસ્યોને ક્વિઝ ગેમ રમાડી હતી. આ તકે અયોધ્યામાં બનેલ રામ મંદિરમાં કરોડો હિન્દુઓના આરાધ્ય એવા પ્રભુ શ્રી રામલલ્લાની મૂર્તિ પ્રતિષ્ઠાના પાવન પ્રસંગને વેરાવળમાં પણ ભવ્ય રીતે ઉજવવાનો નિર્ણય મંડળના ૩૦૦ સભ્યોએ એકી અવાજે કરેલ હતો. જેમાં રંગોળી, દીપમાળા, રાસ ગરબા, ભવ્ય રેલી, ફટાકડા, ભોજન સમારંભ વગેરે કાર્યક્રમો કરવા તેવું તમામે સર્વાનુમતે નક્કી કર્યું હોવાનું અનિલભાઈ પુરોહિત દ્વારા જણાવાયું હતુ. રાષ્ટ્રગીત અને ભોજન સમારંભ સાથે આ સ્નેહમિલનનો કાર્યક્રમ પુર્ણ થયેલ હતો.

# સોમનાથ મરીન પોલીસ સ્ટેશન દ્વારા ફિશરમેન અવેરનેસ કાર્યક્રમ યોજાયો





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧

વેરાવળમાં સોમનાથ મરીન પોલીસ સ્ટેશન દ્વારા ફીશરમેન અવરનેશ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પીઆઈ એચ.આર.ગોસ્વામી સહિતના અધિકારીઓએ માછીમારોને માર્ગદર્શન આપ્યુ હતું. આ કાર્યક્રમમાં ફીશરમેન વોચ ગૃપના ૫૦ જેટલા સભ્યો, માછીમાર ભાઈઓ હાજર રહેલ હતા. જે તમામને દરિયા કાંઠા વિસ્તારોમાં સંભવી શકે એવી આતંકી પ્રવૃતિ, માદક પદાર્થો, શસ્ત્રોની હેરાફેરી, અજાણ્યા શખ્સોની શંકાસ્પદ હિલચાલ બાબતે તેમજ શંકાશીલ જણાતી કોઈપણ પ્રવૃત્તિ બાબતે માહિતી મેળવવાનો પ્રયાસ કરેલ હતો તથા ફીસીંગ કરતી વખતે આઈ.એમ.બી.એલ. ઓળંગવુ નહી તથા પુરતા ડોકયુમેન્ટ સાથે લઈને જવા તેમજ ઓનલાઈન ટોકન લઈ ને ફીસીંગમાં જવું, ફીસીંગ દરમ્યાન કાંઈ ઈમરજન્સી જણાયે ટોલ ફ્રી નં.૧૫૫૪ તથા ૧૦૯૩ નંબરનો ઉપયોગ કરવો તેમજ ઉપસ્થિત સભ્યોને દરીયામાં તેમજ દરીયા કાંઠા વિસ્તારમાં કોઈપણ શંકાસ્પદ હિલચાલ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરી હતી.

# ભવનાથથી અંબાજી મંદિર સુધી ૧૧ કેવી કેબલ નાખવાની કામગીરીનો શુભારંભ



## ગિરનારની સીડીના ૫૦માં પગથીયે સંતો-મહંતો, સાંસદ, ધારાસભ્ય, મહાનુભાવોની હાજરીમાં ખાતમુહૂર્ત વિધી સંપન્ન કરાઈ


(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

૩૩ કરોડ દેવતાનો જ્યાં વાસ છે અને અંબાજી માતાજીના જયાં બેસણા છે તેમજ ગુરૂ દત્તાત્રેય ભગવાન ગોરખનાથના આસ્થાના કેન્દ્રો છે તેવા ગિરનાર ક્ષેત્ર એટલે આધ્યાત્મિક અનેકગણું મહત્વ ધરાવતું આ પાવનકારી ભૂમિ છે. રોપવેની સુવિધા તો છેલ્લા બે વર્ષ ઉપરાંતથી મળી છે પરંતુ હજારો વર્ષથી ગિરનારની આ પવિત્ર ભૂમિ ઉપર સિધ્ધ સંતો સાધના કરી રહ્યા છે અને ગિરનારની ટોચ ઉપર બિરાજતા અંબાજી માતાજીના મંદિરે પણ દર્શનાર્થે ભાવિકોનો પ્રવાહ સતત વહેતો રહ્યો છે. ૫૫૦૦ પગથીયા ચડીને માતાજી સન્મુખ દર્શન માટે ભાવિકો આવે છે અને માતાજીના આર્શીવાદ મેળવી અને મનોકામના પુર્ણ થાય છે. ગિરનાર ખાતે બિરાજતા અંબાજી માતાજીના મંદિરે એકલા જૂનાગઢ જ નહી પરંતુ દુર-દુરથી ભાવિકો અને શ્રધ્ધાળુઓ આવતા હોય છે. આવા આસ્થાના આ કેન્દ્ર અંબાજી માતાજીના મંદિર સુધીના માર્ગ ઉપર વિજળીના ધાંધીયા રોજીંદી ઘટના સમાન બની ગયેલ છે. લો વોલટેજની સમસ્યા તેમજ અપુરતા વીજ પ્રવાહના કારણે મોટર ચાલું ન થતા પાણીની સમસ્યા પણ સર્જાતી હોય છે અને અનેક વખત માં અંબાના મંદિરમાં અંધારામાં પણ આરતી કરવી પડતી હતી. આવી બધી સમસ્યા સર્જાતી હોય જેથી સંતો અને અગ્રણીઓ તેમજ માઈભકતો દ્વારા અહીં કાયમી ધોરણે વીજ પુરવઠો જળવાઈ રહે તે માટે રજુઆતો કરવામાં આવી હતી અને આખરે સરકારે પણ માઈભકતોની યાતનાઓને ધ્યાને લઈ નાણાં ફાળવી આપ્યા છે. ત્યારે આ પાવનકારી અને પવિત્ર જગ્યાના માર્ગ ઉપર ૧૧ કેવી કેબલ નાખવાની કામગીરી પીજીવીસીએલ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે અને જેના ભાગ રૂપે આજે ગિરનારના ૫૦ પગથીયાથી સંતો-મહંતો, પ્રજાના પ્રતિનિધિઓ અને ભાવિકોની ઉપસ્થિતિમાં ભવનાથથી અંબાજી સુધી રૂા.૭.૯૧ કરોડના ખર્ચે ૧૧ કેવી કેબલ નાખવાની કામગીરીનો શુભારંભ કર્યો હતો. આગામી શિવરાત્રી મેળા સુધીમાં આ કામગીરી પુર્ણ થઈ જશે તેમ જાણવા મળે છે. આ અંગે વિશેષમાં મળતી વિગત અનુસાર, ગિરનાર ઉપર અવાર-નવાર લો વોલ્ટેજની સમસ્યા રહેતી હતી. અનેક વખત તો માં અંબાના મંદિરમાં અંધારામાં આરતી કરવી પડતી હતી. પાણી હોવા છતાં અપુરતા વિજ પ્રવાહના કારણે મોટર ચાલુ ન થતા પાણીની સમસ્યા પણ રહેતી હતી. ત્યારે આ સમસ્યાના નિવારણ માટે ભવનાથથી માં અંબાના મંદિર સુધી પીજીવીસીએલ દ્વારા ૧૧ કેવી કેબલ નાંખવામાં આવશે. આ કામગીરીનો આજ તા. ૧ ડિસેમ્બરે ગિરનારના ૫૦ પગથિયાથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અંગે પીજીવીસીએલના ડેપ્યુટી સીટી ઈજનેર વી.એલ. ભીમાણીએ જણાવ્યું હતું કે, ગિરનાર એક પવિત્ર યાત્રાધામનું સ્થળ છે. અહીં લો વોલ્ટેજની સમસ્યા હતી. અપુરતા વીજ પ્રવાહના કારણે ગિરનારની સીડીથી લઈને માં અંબાના મંદિર સુધી અવાર-નવાર વિજળીના પ્રશ્નો ઉપસ્થિત થતા હતા. ત્યારે લાઈટની આ સમસ્યાના નિવારણ માટે ૧૧ કેવીની લાઈન નાખવામાં આવશે. ભવનાથથી લઈને માં અંબાજીના મંદિર સુધીની ૪ કિમીની ૧૧ કેવી લાઈન ૭.૯૧ કરોડના ખર્ચે નંખાશે. ખાસ કરીને હાલ એલટી ટ્રાન્સફોર્મર નીચે રહે છે તે આ કામગીરી પુર્ણ થયા બાદ ઉપર રહેશે. પરીણામે લો-વોલ્ટેજની સમસ્યા નહી રહે. આ કામગીરીનો આજે ૧ ડિસેમ્બરે સવારના ૧૧ વાગ્યે ગિરનારના ૫૦ પગથીયાએ ખાતમુહૂર્ત સાથે પ્રારંભ કરવામાં આવ્યો હતો. અંદાજીત ૪ થી ૬ મહિનામાં આ કામગીરી પુર્ણ કરાશે. ખાતમુહૂર્ત પ્રસંગે ભવનાથ અને ગિરનાર ઉપરના અનેક સંતો, મહંતો તેમજ સાંસદ, ધારાસભ્ય સહિતના અનેક રાજકીય આગેવાનોની પણ ઉપસ્થિતી રહ્યા હતા.

# જૂનાગઢ સહિત સોરઠમાં ઠંડીનો ચમકારો : ગિરનાર ઉપર ૧૦.૨ ડિગ્રી તાપમાન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં ઠંડીનો ચમકારો શરૂ થયો છે. ગત રવિવારે માવઠું આવ્યા બાદ ઠંડી અને ઝાકળ વર્ષા સતત વધી રહ્યા છે અને જેને કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. જૂનાગઢ શહેરમાં પણ ગત રવિવારથી જ કમોસમી વરસાદ બાદ ઉતરોતર ઠંડીમાં વધારો થઈ રહ્યો છે અને દિવસ દરમ્યાન પણ ઠંડીની તીવ્રતા રહેવાના કારણે લોકોને ફરજીયાત ગરમ વસ્ત્રો પરીધાન કરી અને રહેવું પડે છે. બજારોમાં પણ લોકોની પાંખી અવર-જવર જોવા મળે છે. હજુ પણ આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધે તેવી શકયતા હવામાન વિભાગે દર્શાવી છે. દરમ્યાન આજે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર તાપમાન જોઈએ તો મેકસીમમ ૨૦.૦૬, મીનીમમ ૧૫.૦૨, ભેજ ૬૮ ટકા અને પવનની ગતિ ૪.૨ રહી છે. જયારે ગરવા ગિરનાર ઉપર ૧૦.૨ જેવું તાપમાન રહ્યું છે. ભવનાથ ક્ષેત્રમાં આવતા પ્રવાસીઓને પણ ઠંડીને કારણે ઠુઠવાઈ રહ્યા છે.

## ભાજપ જૂનાગઢ મહાનગર યુવા મોરચા દ્વારા રાષ્ટ્રીય કાર્યક્રમ મંડળ સશક્તિકરણ તેમજ કાર્યશાળા યોજાઇ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ મહાનગર ભારતીય જનતા યુવા મોરચા દ્વારા આગામી લોકસભાને લઈને રાષ્ટ્રીય કાર્યક્રમ મંડળ સશક્તિકરણ તેમજ કાર્યશાળા જૂનાગઢ મહાનગર ખાતે યોજાઈ હતી. ભારત દેશના કુલ ૧૬,૧૮૫ મંડળોમાં ભારતીય જનતા યુવા મોરચા દ્વારા મંડળ શક્તિ કરણ અભિયાન યોજવામાં આવેલ હતું. જેમાં ભારતીય જનતા યુવા મોરચા જૂનાગઢ મહાનગર દ્વારા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરવા તેમજ લોકસભા ઈલેકશન પહેલા ભારતીય જનતા યુવા મોરચાના મંડળને સશક્ત કરવા માટેની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જૂનાગઢ મહાનગર ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ પુનિતભાઈ શર્મા પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ હાર્દિકસિંહ ડોડીયા તેમજ ભારતીય જનતા યુવા મોરચાના અધ્યક્ષ વિનસભાઈ હદવાણીની ઉપસ્થિતિમાં ભારતીય જનતા યુવા મોરચા જૂનાગઢ મહાનગરની મંડળ સશક્તિકરણની બેઠક યોજાઈ હતી. આ બેઠકને સફળ બનાવવા માટે ભારતીય જનતા યુવા મોરચાના મહામંત્રી અભયભાઈ રીબડીયા, પરાગભાઈ રાઠોડ, પ્રદેશ સોશિયલ મીડિયા કન્વીનર રવિભાઈ વિકાણી તેમજ આ કાર્યક્રમના ઈન્ચાર્જ ચિરાગભાઈ જોશી, અનિલભાઈ પરમાર તેમજ ભારતીય જનતા યુવા મોરચાની મુખ્ય ટીમે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમના અંતે દરેક મંડળના પ્રમુખને પોતાના વોર્ડની ટીમ કારોબારી તેમજ શક્તિ કેન્દ્રો સુધીના ગઠનની જવાબદારીઓ આપી હતી. ત્યારબાદ તારીખ ૧-૧૨-૨૦૨૩થી લઈને ૫-૧૨-૨૦૨૩ સુધીની મંડળની બેઠકો યોજવામાં આવશે. તે બેઠકમાં દરેક વોર્ડના પ્રભારીઓ તેમજ મહાનગરની ટીમ વોર્ડમાં પ્રવાસ કરશે અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોનું માર્ગદર્શન કરશે.

## બિલખામાં યુરીયા ખાતરની તંગી વચ્ચે વિતરણ શરૂ થતા વહેલી સવારથી જ ખેડૂતોની લાંબી લાઈનો લાગી



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા.૧

બિલખામાં યુરીયા ખાતરની તંગી વચ્ચે વિતરણ શરૂ થતા વહેલી સવારથી જ ખેડૂતોની લાંબી લાઈનો લાગી હતી. શિયાળુ પાકમાં અત્યારે યુરીયા ખાતરની તાતી જરૂર હોય ખેડૂત ખાતર મેળવવા ટળવળી રહ્યો હોય અફડાતફડીનો માહોલ સર્જાવાની ભીતી જોવા મળી રહી છે. જે હોય તે એટલું ચોક્કસ છે ગુજરાતની આ ડીજીટલ સરકાર ખેડૂતોને સમય ઉપર ખાતર પુરૂ પાડવામાં નિષ્ફળ નીવડી છે.

## જૂનાગઢ સરકારી હોસ્પિટલની લિફટમાં મહિલા દર્દીની રૂા.૧.૩૧ લાખની મત્તાની થયેલી ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ સિવિલ હોસ્પિટલની લિફટમાં મહિલા દર્દીની ૧.૩૧ લાખની મત્તા ચોરીને અજાણી મહિલા ફરાર થઈ ગઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. શહેરમાં ઝાંઝરડા રોડ ઉપર આવેલા જીવનપાર્કમાં રહેતા કુસુમબેન મર્થક(ઉ.વ.૬૭) નામના વૃદ્ધા બુધવારે સવારે ગોઠણની સારવાર માટે પુત્રવધુ ઈલાબેન અને પાડોશી વર્ષાબેન સાથે સિવિલ હોસ્પિટલમાં ગયા હતા. ત્રણેય મહિલા ને બીજા માળે જવું હતુ પરંતુ લિફટમાં ટ્રાફિક હોવાથી ઈલાબેન અને વર્ષાબેન સીડી વાટે ઉપરના માળે ગયા હતા. જયારે કુસુમબેન બીજા માળે જવા માટે ચાર સ્ત્રી અને બે પુરૂષ સાથે લિફટમાં ગયા હતા. આ દરમ્યાન કુસુમબેન પાસેની કાપડની બેગમાં કાપો મારી અજાણી મહિલા રૂપિયા ૨૫૦૦ની રોકડ, ૨૦ ગ્રામ સોનાનો ચેન, પાન કાર્ડ અને સાદી માળા સહિતની રૂા. ૧,૩૪,૮૪૦ની માલમત્તાની ચોરી કરીને નાસી ગઈ હતી. આ અંગે વૃદ્ધાએ ગુરૂવારે ફરિયાદ કરતા એ ડિવિઝન પોલીસે ગુનો નોંધીને અજાણી મહિલાની શોધખોળ હાથ ધરી છે. આમ, સિવિલ હોસ્પિટલમાંથી વાહનની ચોરીની સાથે હવે માલમતાની ચોરીની ઘટના પણ શરૂ થતા ચકચાર જાગી ઉઠી છે.

## જૂનાગઢના માંગનાથ રોડ ઉપર મહિલાનાં મોબાઈલ ફોનની થયેલ ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢમાં શોપિંગ દરમ્યાન મહિલાનો મોબાઈલ ફોન ચોરાયો હોવાની પોલીસમાં ફરિયાદ થઈ છે. શહેરના મીરાનગર વિસ્તારમાં રહેતા નિમિષભાઈ દિલીપભાઈ ખખરના માતા માંગનાથ રોડ વિસ્તારમાં શોપિંગ કરવા ગયા હતા ત્યારે તેમની થેલીમાં ચેકો લગાવીને અજાણ્યો ઈસમ રૂપિયા ૯,૫૦૦ની કિંમતનો મોબાઈલ ફોન ચોરીને નાસી ગયો હોવાની ફરિયાદ થતા એ ડિવિઝન પોલીસે મોબાઈલ ચોરને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ગુજરાત રાજ્ય ૧૦૮નાં ઓપરેશન હેડ સતીષ પટેલે જૂનાગઢ જિલ્લાની મુલાકાત લીધી




જૂનાગઢ તા.૧

ગુજરાત સરકાર દ્વારા ચાલતી આરોગ્ય લક્ષી નિશુલ્ક ૧૦૮ સેવા મોખરે છે તથા કોઈ પણ કટોકટીની પળોમાં લોકોના જીવ બચાવવા તથા આરોગ્ય સુખાકારી માટે હંમેશા તત્પર છે. આ સેવાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુંથી ગુજરાત રાજયના ૧૦૮ ઓપરેશન હેડ સતીષ પટેલ સાહેબ જૂનાગઢ જિલ્લાની વિવિધ ૧૦૮, ખિલખિલાટ ઉપરાંત અન્ય પ્રોજેક્ટ વગેરે ની મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન સાહેબ શ્રી દ્વારા હાલ ગીરનાર લીલી પરિક્રમા અને દિવાળી તહેવાર દરમ્યાન કર્મચારી દ્વારા કરવામાં આવેલ કામગીરીને બિરદાવી અને શુભેચ્છા પાઠવી હતી સાથે લોકોને અપીલ કરી હતી કે ૧૦૮ સેવા અને ખિલખિલાટ સેવાનો લોકો વધુમાં વધુ ઉપયોગ કરે.


**લકઝરીયસ બંગલો વેચવાનો છે**

બજાર કિંમતથી અડધી કિંમતે, મોટા મોટા પાંચ રૂમ, હોલ, કિચન વરસાદના પાણીનો ૯૦૦૦ લિટરનો ભૂગર્ભ ટાંકો, ૧૬૦ ફૂટનો બોર, રોયલ ટચ સનમાઈકા અને દશ વર્ષ ગેરંટી વાળા પ્લાયવુડ સાથેનું ફર્નિચર, ૧૦૦% પાઇનવાળા ગર્જન કંપનીના બધા જ દરવાજા, દરેક બારીમાં મચ્છર જારી, ૧૫૨ ચોરસ વારમાં ૯૦% બાંધકામ, ઉતરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબનું ફક્ત ૯ નવ વર્ષનું નવું બાંધકામ, અદ્યતન બંગલો વેચવાનો છે.

દોમડીયાવાડી પાસે, SBI સામે, ગીરીકુંજ સોસાયટી.

મો. ૭૫ ૭૫ ૮૦ ૬૫ ૮૫

**ૐ નેચર કયોર સેન્ટર**

**ડો. સી.ડી. ઓઝા**

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જ્યોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

**આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ**

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.